# તારક જિનાજ્ઞા

સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
ન્યાયવિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અને તેઓશ્રીના પટ્ટધર
પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યાત્મવાણી પ્રસરાવતું માસિક પત્ર

વર્ષ-૧૭ 卐 વિ.સં. ૨૦૭૩ ❖ ભાદરવો ❖ તારીખ : ૧-૯-૨૦૧૭ ❖ અંક-૧૦


## ધર્મના બે ઉદ્દેશ : ધર્મની બેવડી અસર


સંઘહિતચિંતક પૂજ્ય આચાર્ય
શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ


આપણે ધર્મ કરીએ છીએ; એ શા માટે ? બે પૈસાનું દાન શા માટે ? નાના પણ વ્રત-નિયમ શા માટે ? દેવદર્શન-પૂજન, સાધુસેવા, શા માટે ? તિથિએ પણ તપ શા સારૂ ? શાસ્ત્રવાંચન-શ્રવણ શા સારૂ ? ધર્મ કરવાનો ઉદ્દેશ શો ?

જો આ બધા પવિત્ર આચારોના ઉદ્દેશની ખબર નથી, કોઈ ઉદ્દેશ જ મનમાં નથી, તો એ ધર્મસાધના ગતાનુગતિક અર્થાત્ સંમૂર્છિત ક્રિયા જેવી ચાલતી રહેવા સંભવ છે. એથી દિલમાં ધર્મનું એવું મમત્વ જાગવાનું નહીં કે 'મારે તો જીવનમાં ધર્મ એ જ મહત્ત્વની વસ્તુ છે, દુનિયાદારી એ એવી મહત્ત્વની વસ્તુ નહીં.' ધર્મના ઊંચા ઉદ્દેશનો મનમાં ખ્યાલ હોય તો એવો ઉદ્દેશ દુનિયાદારીમાં નથી સરતો, માટે દુન્યવી પ્રવૃત્તિઓ કરતાં ધર્મસાધના કિંમતી લાગે.

ત્યારે ધર્મ કરવાનો ઉધ્દેશ જો પૈસાટકા મેળવવાનો હોય, માન-મર્તબો અને ખ્યાતિ ખાટવાનો હોય, લોકમાં આગળ આવવાનો ઉદ્દેશ હોય, તો એ વળી વિશેષ ખતરનાક નીવડે છે. કેમકે આમે ય પૈસાટકા-માનસન્માન વગેરે તો ગમતાં જ હતાં. તે ધર્મ કરીને વિશેષ ગમતાં કર્યાં. 'ચાલો; ધર્મ કરીશું તેથી પૈસાટકા વગેરે સારું મળશે,' એમ ધર્મ દ્વારા પૈસા-ટકા વગેરેની ચાહના વધારી. દુન્યવી વિષયો લક્ષ્મી-સન્માન-પ્રતિષ્ઠા વગેરે જીવમાં રાગ-આસક્તિનું ઝેર વધારનારા હોવાથી એ ઝંખવા-આદરવા જેવા નહીં, એના પ્રત્યે તો વિરક્ત દશા જોઈએ. પરંતુ ધર્મથી એ જ પામવાનો ઉદ્દેશ રાખવા જતાં, એ રાગ-આસક્તિનું ઝેર વધારતાં રહેવાય, એ આત્માની વિશેષ ખરાબી નોંતરવા જેવું થાય.

આમ, (૧) ધર્મ સાધવાના ઉદ્દેશનો ખ્યાલ જ ન હોય, એમાં તો ધર્મ સાધ્યાની મહેનત માથે પડે છે, ત્યારે (૨) ઉદ્દેશ જો પૈસા આદિ મેળવવાનો જ રખાય, તો એ રાગનાં ઝેર વધારનારા હોવાથી વિશેષ ખતરનાક નીવડે છે.

ત્યારે, કેટલાક તરફથી 'અમે આત્માનાં કલ્યાણ માટે ધર્મ કરીએ છીએ' એમ ઉદ્દેશ બતાવવામાં આવે છે, તો એ તો ઉચ્ચ ઉદ્દેશ હોઈ એવા ઉચ્ચ ઉદ્દેશને સાધી આપનાર ધર્મ માટે દુનિયાદારી


(અનુસંધાન પાના નં. ૧૭૮ ઉપર)


### ''ક્ષમાપના એ ગુણોનો આવાસ છે, દોષોનો નાશક છે''

વિજય જયઘોષસૂરિ તરફથી

૨૦૭૩ના અષાઢ સુદ ૧૪ ના ચાતુર્માસિક ક્ષમાપના શ્રી પ્રેમભુવનભાનુસૂરીશ્વરજી સમુદાયના સર્વ મહાત્માઓ તથા શ્રી સકલ સંઘના મહાત્માઓ અને શ્રી શ્રાવક-શ્રાવિકા જોગ ચતુર્વિધ શ્રી સંઘના સભ્યો જોગ વંદના, અનુવંદના અને ધર્મલાભપૂર્વક ક્ષમાપના જાણશો. ક્ષમાપના એટલે જીવો પ્રત્યે અરુચિ, અવજ્ઞા, અસભ્ય વ્યવહારને સુધારવાનો પ્રયત્ન-સ્નેહ, આદર, વિનયભક્તિ, સુચિત વ્યવહારનું યથાયોગ પ્રવર્તન-ક્ષમાપનાથી દોષનો નિગ્રહ થાય છે, ગુણો વિકસે છે-કષાય અને એના પક્ષપાત-પક્કડ નાશ પામે છે, ક્ષમા વગેરે ગુણોની રુચિ-વિકાસ થાય છે. ક્ષમાપના દોષ નિગ્રહ અને નાશનો ઉપાય છે, ગુણાધાનનો માર્ગ છે. માટે મૈત્રી આદિ ભાવના પ્રાપ્ત કરવા પૂર્વભૂમિકા ક્ષમાપનાની છે. ક્ષમાપના બાદ મૈત્રી જન્મે છે-સ્નેહ અનુભવાય છે, આ પછી ઉપર પ્રમોદ અને નીચે કારુણ્યભાવ ગુણરુપે હૃદય અનુભવે છે. ક્ષમાપના કરનાર ક્યાંય કઠોર અને નિર્દય થઈ શકતાં નથી. તેથી અસાધ્ય દોષો વાળા ઉપર પણ ક્ષમાવાળા જીવો દયાની લાગણી સાથે ઉપેક્ષા ઉદાસીનતા રૂપભાવને પ્રાપ્ત કરે છે. ક્ષમાપના ગુણના કારણરૂપ છે, જૈનશાસન સિવાય હૃદયને શાંત, સ્વસ્થ અને વૈરાગ્ય વાસિત બનાવવા ક્ષમાપનાની પ્રક્રિયા ભૂલ વગર ક્યાંય નથી. માટે ક્ષમાપના પર્વ અનેક આવે છે. સ્વભાવરૂપે ક્ષમાપના જૈનોને નિત્ય હોય માટે સર્વેને મારા/અમારા તરફથી ક્ષમાપના જાણશો. ક્ષમાપના એ ગુણોનો આવાસ છે, દોષોનો નાશક છે, મારું હૃદય સદા ક્ષમામય બને, તે પ્રભુ પાસે આ આચાર વ્યવહાર દ્વારા ઈચ્છું છું-પ્રભુ શાસન જ એ આપશે, બીજે આ વ્યવહાર નથી હોતો માટે પણ વીતરાગપ્રભુનું શાસન સર્વોત્તમ છે.

## ''જેની જીભ ઝેરી, દુનિયા એની વેરી''


સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્ય
શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ


જેને આંખે ન દેખાય તેને આંધળો કહેવાય, કાને ન સંભળાય તેને બહેરો કહેવાય.

વ્યવસ્થિત ચાલી ન શકે તેને લંગડો કહેવાય, બોલી ન શકે તે મૂંગો ગણાય. આ જનસામાન્ય વાત-વ્યાખ્યા છે.

સુભાષિત કાર પ્રશ્ન ઊભો કરીને સ્વયં જ જવાબ આપે છે જરા જુદો... को मूकः ? મૂંગો કોણ ?

यो काले प्रियाणि वक्तुं न जानाति...!

માર્મિક ઉત્તર છે - જે વ્યક્તિ યોગ્ય સમયે પ્રિયવચન-મધુરવાણી બોલવાનું જાણતો નથી, અવસરે પ્રિયવચનનો ઉપયોગ કરતો નથી તે મૂંગો છે.

मुखं अस्ति इति वक्तव्यं । મોઢું છે, માટે બોલતાં રહેવું જેમ નકામું-નુકશાનકારી-દોષ છે, તેમ પ્રસંગે મીઠા શબ્દો ન બોલવા તે ય ગુનો.

યોગ્યકાળ એટલે સામે વ્યક્તિ દુ:ખી-હતાશ-ટેંશનમાં હોય-ડીપ્રેશનનો શિકાર બન્યો હોય, કોઈપણ રીતે-ચારે બાજુથી આપત્તિમાં ઘેરાયેલ હોય, કોઈના હૂંફ-ટેકા-આધારની જરૂરિયાતવાળો હોય તે સમયે તેને આશ્વાસન-પ્રેમ-વાત્સલ્ય આપવા.

નિરાધારને વાત્સલ્ય આપવું, ખિન્નને પ્રેમ આપવો, પડતાને ટેકો દેવો.

આંખમાં અમી અને જીભમાં મીઠાશ રાખવી એ માત્ર ધર્મી બનવા નહીં, લોકપ્રિય બનવા માટે પણ અત્યંત જરૂરી છે.

શોકગ્રસ્તને શોકવારણના વચનો કહેવા, ધીરતાની જરૂરવાળાને ધીરજ બંધાવવી, ઉપબૃંહણાના અવસરે તેની ઉપબૃંહણા કરવી. કારણકે પ્રશંસા એ ધર્મમાં પ્રારંભિક આત્માને સ્થિર અને ઉત્સાહિત કરે છે. આ થઈ યોગ્યકાળની વાત...

સમય યોગ્ય પણ જો વાણી બરોબર ન હોય તો પડતાને પાટુ મારવા કે ઘા ઉપર મીઠું ભભરાવવા સમાન થાય. તેથી બોલવાની વાત પહેલાં શબ્દ મૂકાયો-જે શબ્દોનો પ્રયોગ કરો તે પ્રિય-મીઠા


(અનુસંધાન પાના નં. ૧૭૮ ઉપર)

(અનુસંધાન પાના નં. ૧૭૭ નું)

કરતાં વધારે મમત્વ થવું જોઈએ, એની વિશેષ કિંમત લાગવી જોઈએ, પણ કેટલાયના આત્માની દશા જોતાં એથી ઉલ્ટું દેખાય છે કે દુનિયાદારી પર ખરેખરું મમત્વ છે, ને એની ખૂબ કિંમત મહત્ત્વ લાગે છે. એટલે આત્મ-કલ્યાણના ઉદ્દેશ માત્ર કહેવા માટે રહ્યો, પણ આત્મકલ્યાણ શું ? એનું મહત્ત્વ શું ? એનો કશો વિચાર ન રહ્યો.

તો સવાલ આ રહ્યો કે 'ધર્મસાધનાનો ઉદ્દેશ શો રાખવો ?'

ઉદ્દેશ આ, કે (૧) ધર્મ ગમતો થાય, ધર્મ બહુ ગમે, અતિશય ગમે, ધર્મ જ ગમે; અને (૨) એ ધર્મથી વિરુદ્ધ પાપ ગમતાં ઓછા થાય, પાપ પર નફરત-અરુચિ-ગ્લાનિ જાગે, વધે, અત્યંત નફરત-અરુચિ થાય.

જેમજેમ ધર્મ સાધતાં જઈએ, તેમ તેમ આ ઉદ્દેશ સિદ્ધ થતાં આવે છે ને એ જોતાં રહેવું જોઈએ. દા.ત. અવસર આવે દાન કરતાં હોઈએ યા તપસ્યા કરતાં હોઈએ, ત્યાં એ જોવાનું કે અંતરમાં દાન અને તપ વધુ ને વધુ ગમતાં થાય છે ને ? દાનની વાત આવે, તપની વાત આવે, જેમકે કોઈ ધર્મખાતાની ટીપ-ફંડફાળો આવ્યો, તો મન હરખાય કે 'વાહ સરસ ! દાનથી કમાવાનો અવસર આવ્યો !' એમ પર્વતિથિ આવી, આંબેલ ઓળી-પજુસણ જેવા દિવસો આવ્યા, ત્યાં મન પ્રફુલ્લિત થાય કે 'અહો ! તપ કરી આત્મ-કમાઈ કરી લેવાનો અવસર આવ્યો !' અરે ! સવારે ઊઠીને દેવદર્શનનો અવસર આવ્યો, ત્યાં ઊઠતાં જ હરખ થાય કે 'અહો ! પરમાત્માનાં મને દર્શન મળશે, ખરો સોનેરી અવસર આવ્યો ! ધન્ય પ્રભુ ! ધન્ય અવતાર મારો !' આમ ધર્મ ઉપર પ્રેમ વધારતાં રહેવો; એ ધર્મસાધનાનો એક ઉદ્દેશ.

(૨) બીજો મહત્ત્વનો ઉદ્દેશ આ, કે 'ધર્મસાધના કરતો જાઉં, જેથી એના પ્રતિપક્ષી પાપ પર અણગમો-અરુચિ વધતાં જાય.' જેમ જેમ ધર્મ સાધતાં જઈએ, તેમ તેમ 'પાપ પર અરુચિ વધતી આવે છે ને ?' એ જોવાનું. દા.ત. પ્રભુદર્શનના ધર્મની સામે પ્રતિપક્ષી પાપ ઇન્દ્રિયોના ગમતાં વિષયોનાં દર્શન-શ્રવણ-સ્મરણ વગેરે. એ વિષયો અને એનાં દર્શનાદિ પર હૈયાનાં આકર્ષણ ઘટતાં આવે, રુચિ-આનંદ-પ્રફુલ્લિતતા ઓછી થતી આવે, ને અણગમો-નફરત વધતાં આવે; એમ દાનધર્મ આચરતાં આચરતાં એનાં પ્રતિપક્ષી પાપ આ, ધન ઓછું કે ન દેવા પડ્યાનો આનંદ, ધનની પ્રાપ્તિ-સંગ્રહ...વગેરે... એ ઘટતાં આવવા જોઈએ. અને એની પ્રત્યે ગ્લાનિ-અરુચિ વધતી આવે. એવી રીતે તપસ્યા કરતાં કરતાં તપનાં પ્રતિપક્ષી પાપ જે ખાઉં-ખાઉંની સંજ્ઞા, મનગમતાં રસની લાલસા અને મળ્યાના આનંદ, એ ઘટતાં આવવા જોઈએ.

ધર્મ કરવામાં આ બે ઉદ્દેશ જોઈએ; ધર્મ કર્યાની આ બેવડી અસર પડવી જોઈએ કે ધર્મ વધુ ગમતો થાય, પાપ વધુ અણગમતાં થાય. ●

## સિદ્ધાંત દિવાકર
## એક પ્રગટ્યો તેજ સિતારો...

## શતાબ્દીની અનોખી ઉજાણી અને ઉજવણી !

વિ.સં.૨૦૬૭ની સાલ એટલે અમારા સમુદાય માટે એક પરમાનંદની સાલ !

વિ.સં.૨૦૬૭ની સાલ એટલે ઉપકૃત શ્રાવક વર્ગ માટે એક પરમોત્સવની સાલ !

વિ.સં.૨૦૬૭ ની સાલ એટલે સકલ શ્રીસંઘ માટે એક પરમોલ્લાસની સાલ !

સહેજે તમને પુછવાનું મન થશે કે 'કેમ ?' જરા આંખ સતેજ કરશો તો 'શતાબ્દી' વંચાશે. જરા કાન સવળા કરશો તો 'શતાબ્દી' નો રણકાર સંભળાશે અને જરા સ્પર્શ સતર્ક કરશો તો 'શતાબ્દી'નો રોમાંચ ખડો થશે.

ટૂંકમાં, ૨૦૬૭નું વર્ષ એટલે પરમોપકારી, સંઘએકતાકારક, ન્યાયવિશારદ, ઈષ્ટફલસિદ્ધિવાદ વિજેતા, વર્ધમાન તપોનિધિ પરમારાધ્યપાદ ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનું જન્મ શતાબ્દી વર્ષ....

નોખી, અનોખી રીતે શ્રી શ્રમણસંઘ અને શ્રાવકસંઘ આ વર્ષ ઉજવી રહ્યું છે.

એક શુભ આલંબનને લઈ શ્રમણ-શ્રમણી સંઘમાં તપ-જપ-સ્વાધ્યાય-વૈયાવચ્ચ-અપ્રમત્તતાના યોગોમાં છોળો ઉછળી છે તો શ્રાવક-શ્રાવિકા સંઘમાં ય ૫૦૦-૨૫૦-૧૦૮ આયંબિલની આરાધના, ગુરુદેવના નામે વિહારધામો અને ઉપાશ્રયોના લાભો વગેરે દાન-શીલ-તપ ત્રણે ય ધર્મોનો ભાવ ઈન્ડેક્ષ આસમાને પહોંચ્યો છે.

શતાબ્દી પર ગુરુદેવના ચરણે કો'કે ફૂલ ચઢાવ્યું તો કો'કે ફૂલ નહિં તો ફૂલની પાંખડી ધરી.

**પરંતુ સાહેબે ?**

સાહેબે તો આખો ફૂલદસ્તો જ અર્પણ કર્યો !

શતાબ્દી નિમિત્તે કો'કે તપ કરી ઉત્સવ મનાવ્યો, તો કો'કે જાપ-મૌન કરી ઉત્સવ મનાવ્યો. કો'કે કઠણ ગ્રન્થનો સરળ અનુવાદ કરી આનંદ માણ્યો, તો કો'કે ગ્રન્થ સંશોધન-પ્રમાર્જન કરી આનંદ લૂંટ્યો. કો'કે ગુરુદેવ વિષે લોકભોગ્ય પુસ્તકો લખી સંતોષ સ્વીકાર્યો, તો કો'કે સંસ્કૃતમાં નવસર્જન કરી સંતોષનો શ્વાસ લીધો.

**પણ સાહેબ ?**

સાહેબે ન તો તપ-જપ કર્યા કે ન અનુવાદ કે સંશોધન કર્યા કે ન તો પુસ્તક લેખન કે નવસર્જન કર્યું. સાહેબે તો શતાબ્દી સાથે પોતાના જીવનવર્ષોને વણી લીધા !

શતાબ્દી મહોત્સવ કો'કે ત્રિદિવસીય કર્યો, કો'કે પંચદિવસીય કર્યો તો કો'કે નવદિવસીય કર્યો.

**પણ સાહેબ ?**

સાહેબે તો જાણે કે ત્રિવર્ષીય મહોત્સવ ઉજવ્યો.

શી રીતે ?

પોતાના જીવનની યાદગાર જ્યુબિલીઓને અર્પણ કરીને !

કેવો દુર્લભ યોગાનુયોગ ! કેવો સુંદર ઋણાનુબંધ ! સ્વર્ગસ્થ ગુરુદેવશ્રીની જન્મશતાબ્દીની આસપાસ સાહેબના જીવનની ૩ જ્યુબિલીઓ સ્વાભાવિક ગોઠવાઈ ગઈ.

વિ.સં.૨૦૬૫નું વર્ષ એટલે આચાર્ય પદવીની સિલ્વર જ્યુબિલી.

વિ.સં.૨૦૬૬નું વર્ષ એટલે સંયમ સ્વીકારની ડાયમંડ જ્યુબિલી.

તો વિ.સં.૨૦૬૭નું વર્ષ એટલે જન્મની પ્લેટીનમ જ્યુબિલી.

**જાણે કે પોતાના વ્યતીત થયેલાં ૭૫ વર્ષના જીવનની આરાધનાઓ,**

**૬૦ વર્ષનું નિર્મળ ઝળહળતું સંયમ, અને**

**૨૫ વર્ષની એક મહાન જૈનૈચાર્ય તરીકેની શાસનસેવા જન્મ-શતાબ્દી પર્વે સ્વર્ગસ્થ પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણે ધર્યા !**

**સાહેબે શતાબ્દીમાં શિષ્યોમાં અને સંઘમાં લખલૂટ આરાધનાની ઉજાણી કરી તો સ્વયં ઉજવણી પણ કરી !**

: આલેખન :

પરમ પૂજ્ય મુનિશ્રી રત્નભાનુવિજયજી મહારાજ

(અનુસંધાન પાના નં. ૧૭૭ નું)

હોવા જોઈએ. જે તેના દર્દમાં રાહત આપનાર કે તેના કામમાં આગળ વધારનાર બને. વચન એ શસ્ત્ર પણ છે અને ઔષધ પણ, ઘા ઊભો પણ તે જ કરે અને તેને રૂઝવવાનું કામ પણ તેનું...પીડા ય તે આપે અને પ્રસન્ન ય તે બનાવે, સંકલેશ પણ તે કરાવે ને સમાધિ ય તે બક્ષે...

જે વચન દ્વારા બીજાને દુઃખી કરે છે, તેનું બોલેલું શસ્ત્ર સમાન છે અને જે કોઈપણ નિમિત્તે પીડિત હોય તેને સાન્ત્વન આપવાનું કરે છે, તેના શબ્દો મલમ-ચંદનલેપનું કામ કરે.

સામાની પરિસ્થિતિનો-માનસિક અવસ્થાનો-વર્તમાન લાગણીનો વિચાર વિવેકી આત્મા કરી શકે-ઓળખી શકે તેથી તે અવસર ઉચિત બોલે.

અવસરને ન જાણે તે ગમે ત્યાં-ગમે તે ભરડી નાંખે, બોલી જાય જે સ્વ-પરના સંકલેશ-નુકશાનનું કારણ બનતું હોય છે. તેથી કાળજી રાખવી.

સામાને ઠંડક થાય, પ્રેમ વધે-ઉત્સાહ આવે તેમ-તેવું-તેટલું બોલવું, અપ્રિય -કઠોર-અનવસર વચનો નહીં...

મધુરશબ્દો બોલવાનો લાભ એ થાય કે સામી વ્યક્તિને આપણા ઉપર આદર જન્મે-આપણા વચનો પર વિશ્વાસ જાગે અને તે પછી વચનના અર્થ-તાત્પર્યને જાણવાના-સમજવાના-જીવનમાં ઉતારવાના રસ-ઈચ્છા ઊભા થાય છે.

મીઠા વચનોથી કહેલ વાત માણસ સાંભળે છે, માને છે-સ્વીકારે-આચરે છે પછી તે નાનું બાળક હોય-યુવાન હોય કે વૃદ્ધ હોય..છણકો કરીને કહેલ વાત તો સાવ નાનું બાળક પણ સાંભળતું નથી. તેને ય માં પ્રેમ-વાત્સલ્ય આપીને કહેતી હોય છે.

બીજું એ પણ જોવા મળે છે કે બાળક જેટલું માં નું માને, તેટલું પિતા વગેરેનું નથી માનતો. કારણ છે માં દ્વારા વાત વાત્સલ્યપૂર્ણ કહેવાય છે અને બીજાઓ કઠોરભાષામાં ઓર્ડરની રીતે...

તેના જીવનમાં નુકશાનકારી છોડવા યોગ્ય વાત પણ માને છે-શક્ય હોય તો છોડી પણ દે. કેમકે પ્રિયવચનથી સામી વ્યક્તિ આંશિક રીતે આપણને વશ થાય છે. તેથી જ કહ્યું- 'વશીકરણ એક મંત્ર હૈ...'

આ સમુઠ્ઠાણ મંત્ર છે-સ્થિર કરવા રૂપ છે. જ્યારે અપ્રિય-કર્કશવચન ઉદ્વેગકરણ-વિદ્વેષકરણ-ઉદ્દાણમંત્ર સમાન છે.

માટે વ્યંગ-આઘાતકારણ-અરુચિકારણ વચન એ ધર્મનો અને સમુચિત વ્યવહારનો ય નાશ કરે છે. બોલનારને ઉગ્ર પાપ બંધાવે છે અને સાંભળનારને સંકલેશ-વૈરનું કારક પણ બને છે. તેથી ક્યારેય તેવું વાક્ય ન બોલવું, તે તાત્પર્ય છે સુભાષિતકારના કથનનું.... ●

## સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાના ગચ્છાધિપતિ પદ રજત જયંતિ પર્વે

# અથ વૈવિધ્યમ્

શ્લોક : ''जत्थ य विसयविराओ, कसायचाओ अ गुणेसु अणुराओ ।
किरियासु अप्पमाओ, सो धम्मो शिवसुहोवाओ ॥'' (ઈન્દ્રિયવિકાર નિરાધકુલક-૯)

શ્લોકાર્થ : તે ધર્મ શિવસુખની પ્રાપ્તિમાં ઉપાય-કારણ છે, જે ધર્મમાં આ ચાર ગુણધર્મો ઉજાગર થતાં હોય : ૧) વિષયો પ્રત્યે વિરાગ. ૨) કષાયોનો ત્યાગ. ૩) ગુણો વિષે અનુરાગ અને ૪) ક્રિયામાં અપ્રમાદ.



વિવેચન : ૧૪૪૪ ગ્રન્થના રચયિતા પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજના એક ઠેકાણે લખે છે : 'મને અન્યદેવી-દેવતા પ્રત્યે દ્વેષ છે અને વીતરાગ જિનેશ્વર પર રાગનો ઉભરો ચઢી આવ્યો છે, તેથી મેં જૈનધર્મ સ્વીકાર કર્યો છે, એવું નથી. વાસ્તવમાં, વિચારશીલ વિદ્વાન પુરુષોએ જેમનું વચન યુક્તિ યુક્ત લાગે, તે દેવના ધર્મનો સ્વીકાર કરવો જોઈએ.'

કાશીમાં જેઓને બ્રાહ્મણ પંડિતો દ્વારા 'ન્યાયવિશારદ' નું બિરુદ મળ્યું, તે મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજા જ્ઞાનસારમાં કહે છે : 'અમને અમારા (જૈન) આગમ તરફ પક્ષપાત છે ને અન્ય આગમ તરફ ઓરમાયું છે, માટે અમે જૈનાગમનો સ્વીકાર અને અન્ય આગમોનો અસ્વીકાર કર્યો છે, એવું નથી. પરંતુ મધ્યસ્થ દૃષ્ટિએ વિચારતાં જે સુંદર લાગ્યું, તેને અમે વધાવ્યું છે.'

જૈનધર્મ ક્યારેય એમ નથી કહેતો કે મોક્ષ જિનધર્મથી જ મળશે, સાચો તો જિનધર્મ જ છે. આ ધર્મ કોઈની શ્રદ્ધાને 'આંધળી' નથી બનાવતું, પરંતુ બૌદ્ધિક કસોટીએ ચઢાવી શ્રદ્ધાને 'દેખતી' કરે છે.

જેમ સોનું ખરીદતાં પહેલાં તેની કષ, છેદ અને તાપથી પરીક્ષા કરી દેવાય છે, બરાબર તે જ રીતે, જૈનધર્મ સ્વયં કહે છે : મારો સ્વીકાર કરતાં પૂર્વે કષ-છેદ-તાપની પરીક્ષા કરી લેજો. જે કષ-છેદ-તાપથી પરિશુદ્ધ નીવડે, તે જ ધર્મ સ્વીકારવો.

જૈનધર્મ વાડામાં બંધાયેલ બંધિયાર ધર્મ નથી, પણ મુક્ત છે. મુક્ત છે, માટે જ અહીં મુક્તિ છે. જૈનધર્મે 'તીર્થસિદ્ધ'= શાસનની સ્થાપના થયા બાદ મોક્ષપ્રાપ્તિ માની છે, તો 'અતીર્થસિદ્ધ' = શાસનની સ્થાપના પૂર્વેય અને વિચ્છેદ પછીય મુક્તિને માન્યતા આપી છે. 'સ્વલિંગસિદ્ધ'=જૈન સાધુના વેષમાં મુક્તિ સ્વીકારી છે તો 'અન્યલિંગસિદ્ધ'=બાવા-સંન્યાસી-ગૃહસ્થના પહેરવેશમાં ય મુક્તિગતિને સ્વીકારી છે.

પ્રસ્તુત શ્લોક કહે છે : 'સો ધમ્મો સિવસુહોવાઓ' તે ધર્મ શિવસુખનો ઉપાય છે. 'જૈનધર્મ' શિવસુખનો ઉપાય છે, તેમ ન કહેતાં 'તે ધર્મ' કહ્યું છે.

જ્યાં વિષયવૈરાગ્ય વગેરે ચાર ગુણો પ્રગટ થતાં હોય, તે ધર્મ મોક્ષ અપાવવા સમર્થ છે.

આનાથી એ પણ ફલિત થાય છે કે જ્યાં વિષયવૈરાગ્ય આદિ ગુણોને ખીલવવાની પ્રક્રિયાઓ છે, તે જ ખરો ધર્મ ! તે જ જિનધર્મ.

વર્ષોથી ધાર્મિક ક્રિયાઓ કરવા છતાં આપણને ન તો તે ક્રિયામાં આનંદ આવે છે કે ન તો અપ્રમત્તતા ! ક્યારેક કંટાળા-ઉદ્વેગ સાથે, તો ક્યારેક રૂટિન મુજબ ક્રિયાઓ થઈ જાય છે. સામાયિક, પ્રતિક્રમણ, જાપ, સ્વાધ્યાય... કોઈપણ યોગની સાધના દરમ્યાન મન સ્થિર નથી રહેતું, અન્ય વિચારોમાં ચઢી જાય છે, ઉપયોગશૂન્યતા અનુભવાય છે; આવું અનેકો પાસેથી સાંભળવા મળે છે અને આપણે ખુદ અનુભવીએ ય છીએ.

તાવનો રોગ હોય ત્યારે ક્રોસીન ઔષધનું કામ કરે છે ને ઉકાળો વિગેરે પથ્યનું કામ કરે છે. ક્રોસીનની સાથે સાથે મરજી મુજબ ખાવા-પીવા-હરવા-ફરવાનું ચાલુ રાખે ને તાવ ન ઉતરે તો તેમાં ઔષધનો દોષ નથી. તેમ, સંસારનો રોગ-ભવરોગ મટાડવો છે, તો ક્રિયા ઔષધના સ્થાને છે, પણ પથ્ય...? વર્ષોથી આપણે માત્ર ઔષધ લીધા કરીએ છીએ, પણ પથ્યસેવન નથી કરતાં, અપથ્ય સેવન ચાલુ જ છે, તો ઔષધ ફળશે કેમ ? રોગ મટશે કેમ ? પ્રસ્તુત શ્લોક 'પથ્ય' જણાવે છે : વિષયો પ્રત્યે વૈરાગ્ય, કષાયોનો ત્યાગ અને ગુણો વિષે અનુરાગ...આ ક્રમિક સોપાન છે. સીધો જ ગુણાનુરાગ-ઈર્ષ્યાત્યાગ શક્ય નથી, તે માટે સ્વનો માનકષાય વિગેરે નાબુદ થવા જરૂરી છે. સીધો જ કષાયત્યાગ પણ અશક્ય છે, તે માટે ઈષ્ટ-અનિષ્ટ વિષયો પ્રત્યે રાગ-દ્વેષની મંદતા જરૂરી છે.

અશુભનો વૈરાગ્ય-ત્યાગ ને શુભનો અનુરાગ જન્મી જશે, પથ્યસેવન ચાલુ થઈ જશે, તો શાસ્ત્રો કહે છે : 'વધુમાં વધુ આઠવખતની ચારિત્રક્રિયા ઔષધ દ્વારા ભવરોગ મટી જશે, નિશ્ચિત છે.

...આલેખન...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

## અનંતોપકારી પરમ ગીતાર્થ પૂજ્યશ્રી !

૫/૭ સભ્યોના એક નાનકડા કુટુંબનું યોગક્ષેમ કરતાં આજના મા-બાપો હાંફી રહ્યા છે.

૨૦/૨૫ મુનિઓના ગ્રુપનું સુચારુ રુપે યોગક્ષેમ કરતાં આજના ગુરુઓ થાકી રહ્યા છે.

આ માહોલમાં ૫૦૦ થી અધિક મુનિઓનું જે ગજબનાક રીતે આપશ્રી યોગક્ષેમ કરી રહ્યા છો અને એ ય સ્વપ્રસન્નતાને-પરિણતિને અને પવિત્રતાને અકબંધ રાખીને-એની અનુમોદના કરવા કોઈ શબ્દો જડતા નથી.

સમુદાયનું પરમ સદ્ભાગ્ય છે કે આ સમુદાયનું નેતૃત્વ આપશ્રી કરી રહ્યા છો.

આપશ્રીના જન્મદિને પ્રભુને અને શાસનદેવોને હૃદયની પ્રાર્થના છે કે આપશ્રીને તંદુરસ્તીપૂર્ણ દીર્ઘાયુ પ્રાપ્ત થઈને જ રહે.

આપશ્રી પાસે જે ગજબનાક ગુણવૈભવ છે, એનો લાભ માત્ર સમુદાયને જ નહીં, સકળશ્રી સંઘને પણ મળતો રહે.

આપશ્રીનું મુક્તિપદ તો નિકટ છે જ, પણ આપશ્રીની ઈચ્છાનુસાર વર્તવા દ્વારા અમારા સહુનું મુક્તિપદ પણ નિકટ આવીને જ રહે !

પૂજ્યશ્રી ! અમ સહુને સદૈવ આપશ્રીની કૃપાનું ભાજન બન્યા રહેવાની સદ્બુદ્ધિ અર્પજો !

**દ. કૃપાકાંક્ષી રત્નસુંદરની કોટિશઃ વંદના**

## સિદ્ધાંત મહોદધિ સ્વ.પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સ્વર્ગારોહણ સુવર્ણ વર્ષ (૨૦૭૩-૭૪) નિમિત્તે સૂરિ પ્રેમનાં સંભારણાં

# સેંકડો સુવિહિત શ્રમણરત્નોના સર્જનહારા, સુવિશુદ્ધ સંયમાચાર સાધક, વિપુલ કર્મસાહિત્યના સર્જક આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ

લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય કલ્યાણબોધિસૂરિ મહારાજ સાહેબ

પહાડ પાસે ઊંચાઈ છે, ગહનતા નથી. મહાસાગર પાસે ગહનતા છે, ઊંચાઈ નથી. જેના પાસે ગહનતા અને ઊંચાઈ બંને હોય તે પરમસંત છે.

વીશમી સદીનું અણિશુદ્ધ વિરાટ વ્યક્તિત્વ એટલે જ પૂજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજા.

કલ્પના પણ ના આવે કે સૂંકીભઠ મારવાડની પિંડવાડાની ભૂમિમાં જન્મેલ પ્રેમચંદ વિરાટ વટવૃક્ષ બની હજારો-લાખો આત્માઓને શીતળછાયા પ્રદાન કરશે. જિનશાસનને નંદનવન બનાવશે.

પૂર્વભવની અધૂરી સાધના મૂકીને આવેલ આ પુણ્યાત્માને નાનપણથી જ પ્રત્યેક સાધુઓ પર અનહદ પ્રેમ હતો. સાધુ જોયા નથી ને હૈયું હરખઘેલું થયા વિના રહ્યું નથી. કોઈપણ જાતના ભેદભાવ વિના કરેલ સાધુ મહાત્માની અપ્રતિમ ભક્તિ જ તેમના ચારિત્રનું બીજ બની ગઈ.

લાખ પ્રયત્ન કરવા છતાં ઘરવાળાની અનુમતિ ન મળતાં છેવટે ન છુટકે પાલીતાણાની જયતલેટીમાં આચાર્ય વિજય દાનસૂરિ મહારાજના પાસે સ્વયં ઉત્કટ વૈરાગ્યથી દીક્ષા અંગીકાર કરી.

દીક્ષાદિનથી જ સાધનાનો પ્રચંડ મહાયજ્ઞ આરંભ્યો. ગુરુની ઈચ્છામાં પોતાના જીવનરસને ભેળવી ગુરુમય બની ગયા.

વિનય-વિદ્વત્તા અને વિરાગના આધ્યાત્મિક બળે ટુંક સમયમાં કલ્પનાતીત સિદ્ધિઓ મેળવી લીધી. ૪૫ આગમ તથા અન્ય શાસ્ત્રોના જ્ઞાતા બન્યા.

આજ સુધી વણખેડાયેલ અને ભંડારોની હસ્તપ્રતિઓમાં જ છુપાયેલ કર્મસાહિત્યના ગુપ્ત અને ગૂઢ ખજાનાને ખૂબ જ જહેમત ઉઠાવી જગત્ સમક્ષ મૂક્યું. તે વખતના નુતન દીક્ષિત ૧૦/૧૫ મુનિઓને કર્મ સાહિત્યના ગહન સાગરમાં ડુબાડી અદ્ભુત પદાર્થરત્નોની શોધ કરાવી. લાખો શ્લોક પ્રમાણ નવિન શ્લોકોની રચના થઈ. પાછળથી સેંકડો મુનિઓ અને વિદ્વાન પંડિતોએ કર્મ સાહિત્યનું ખેડાણ કર્યું. કર્મ સાહિત્યની હયાત ઉપલબ્ધિનો પૂર્ણ યશ એક માત્ર પ્રેમસૂરિ મહારાજના ફાળે જાય છે.

જ્ઞાન સાથે તપ, ત્યાગ, તિતિક્ષાનું સુભગ મિલન હતું. દીક્ષા દિવસથી જીવનભર સુધી નિત્ય એકાસણાનો તપ જાળવી રાખ્યો, તેમાં પણ દશ દ્રવ્યથી વધારે ક્યારેય વાપરવાના નહીં. ચોમાસામાં તો લગભગ નિયત કરેલા બે કે ત્રણ દ્રવ્ય જ લેવાના. એકાસણામાં પણ આરામથી પલાઠી વાળીને બેસવાનું નહીં, વધારેમાં વધારે ૧૫ મિનિટમાં ઊભા થઈ જવાનું.

બ્રહ્મચર્ય અને સંયમની વિશુદ્ધિ પરમોચ્ચ કક્ષાની હતી. તેમની કુંડલી જોઈ એક જૈનેતર જોષીએ કહેલ કે "આ કુંડલી જેની છે તેના મનમાં ક્યારેય વિકાર જાગ્યો નથી એવી શુદ્ધ આ કુંડલી છે." અને તે જોષી ગુરુદેવશ્રીના દર્શન કરી ધન્ય બન્યો હતો.

તેમની પાત્રતા જોઈ ગુરુજીએ તેમને ક્રમશઃ ગણિ, પંન્યાસ, ઉપાધ્યાય, આચાર્યપદ ઉપર આરૂઢ કર્યા. 'બ્રહ્મચારીનું ચિંતવ્યું કદી ન નિષ્ફળ જાય' એ ઉક્તિ અનુસાર પાલીતાણામાં એકદા સાહેબજીને ઈચ્છા થઈ કે શાસન માટે ૨૫-૩૦ સુવિહિત યુવાન શ્રમણરત્નો તૈયાર કરવા, જે એકી અવાજે શાસનને ઉન્નત બનાવી શકે.

તે માટે તેઓ મુંબઈ આવ્યા. એક બાજુ ભાનુવિજયજીના જબરદસ્ત પ્રવચનો ચાલે ને ભેગી થયેલ વિરાટ મેદનીમાંથી ઝવેરી સમા સાહેબજી રત્નો શોધી લે. તેની પાછળ મહેનત કરે. રાગના રંગે રંગાયેલ યુવાનીયાઓને વિરાગના, સંયમના રંગે રંગી દે.

ખરેખર ! ૨-૩ વર્ષના ગાળામાં જ ભણેલા ગણેલા સુખી સંપન્ન ઘરના ૩૦ થી ૩૫ નબીરાઓને દીક્ષિત કરી શાસનની ચીરસ્થાયી મૂડી ઊભી કરી દીધી. આજે પૂજ્ય જયઘોષસૂરિ મહારાજ, પૂજ્ય ધર્મજીતસૂરિ મહારાજ, પંન્યાસ ચંદ્રશેખરસૂરિ મહારાજ, પૂજ્ય જગચ્ચંદ્રસૂરિ મહારાજ, પૂજ્ય રાજેન્દ્રસૂરિ મહારાજ, પૂજ્ય હેમચંદ્રસૂરિ જેવા પ્રભાવકો આ

### શ્રી પ્રેમસૂરિવંદનાષ્ટકः

श्रीदानसूरिवीराय, धीराय दीर्घदर्शिने ।
सिद्धांताब्धिमृगाङ्काय, श्री प्रेमसूरये नमः ॥१॥

શ્રી દાન સૂરિના વીર, ધીર, દીર્ઘદર્શી, સિદ્ધાંત રૂપી સમુદ્રને માટે ચન્દ્રસમાન એવા શ્રી પ્રેમ સૂરિને નમસ્કાર થાઓ.

प्रेतकामविशान्ताय, मनोदान्ताय योगिने ।
निर्ग्रन्थाय जिताक्षाय, श्री प्रेमसूरये नमः ॥२॥

કામ રૂપી પિશાચને શાંત કરનારા, મનને દાન્ત કરનારા, યોગી, નિર્ગ્રંથ, ઈન્દ્રિયોને જીતનારા એવા શ્રી પ્રેમ સૂરિને નમસ્કાર થાઓ.

महाबोधस्य धात्रे च, विशुद्धब्रह्ममूर्तये ।
धर्मध्यानावधानाय, श्री प्रेमसूरये नमः ॥३॥

મહાબોધના ધારક, વિશુદ્ધ બ્રહ્મચર્યના મૂર્તિસમ, ધર્મધ્યાનના ઉપયોગવાળા એવા શ્રી પ્રેમ સૂરિને નમસ્કાર થાઓ.

सुराणामपि पूज्याय, भुवानाद्भूतत्यागिने ।
अभयदानदात्रे च, श्री प्रेमसूरये नमः ॥४॥

દેવોને પણ પૂજ્ય, ભુવનમાં (સંસારમાં) અદ્ભુત ત્યાગી, અભયદાનને આપનારા એવા શ્રી પ્રેમ સૂરિને નમસ્કાર થાઓ.

रत्नोपमविनेयानां, गुरवे भवभीवे ।
ह्रासकर्मोपरागाय, श्री प्रेमसूरये नमः ॥५॥

રત્ન સમાન શિષ્યોના ગુરુ (તે આશ્ચર્ય/અહોભાવ માટે કે જેના શિષ્યો રત્ન સમાન હોય, તો ગુરૂ ઉપમાતીત હશે), ભવભીરુ, ઘટાડી છે કર્મોની મલિનતા જેણે એવા શ્રી પ્રેમ સૂરિને નમસ્કાર થાઓ.

येन कर्मविपाकस्य, तस्मै शास्त्रमुदाहृतं ।
शुद्धिबुद्धिमहेशाय, श्री प्रेमसूरये नमः ॥६॥

જેમના વડે કર્મવિપાકના શાસ્ત્રો કહેવાયા, શુદ્ધિ અને બુદ્ધિના મહેશ એવા એવા શ્રી પ્રેમ સૂરિને નમસ્કાર થાઓ.

नभसि जयघोषोऽपि, सदा गर्जति यस्य तु ।
गृहितनामधेयाय, श्री प्रेमसूरये नमः ॥७॥

આકાશમાં પણ જેના જયઘોષ ગાજે છે, સુગૃહિત નામધેયવાળા એવા એવા શ્રી પ્રેમ સૂરિને નમસ્કાર થાઓ.

मद्विनंतिस्तु सैकैव, मुक्ति यो ननु दास्यति ।
भवान्तरेऽपि योगः स्याद्, श्री प्रेमसद्गुरोः प्रभो ॥८॥

હે પ્રભુ ! મારી એક જ તે વિનંતી છે, કે જે (મને) નિશ્ચયે મુક્તિ આપશે, તે શ્રી પ્રેમસદ્ગુરૂનો યોગ ભવાન્તરમાં પણ થાઓ.

क्षमामार्दवनिर्वेद-करूणादिगुणाकर ! ।
देहि प्रशमपाथेयं, मां श्री प्रेमगुरो ! वर ! ॥९॥

હે ક્ષમા-માર્દવ-નિર્વેદ-કરૂણાદિગુણ ભંડાર ! ઉત્તમ ! શ્રી પ્રેમગુરુ ! મને પ્રશમ રૂપી પાથેયને આપો.

**પરમ પૂજ્યા સાધ્વી ઉજ્જવલધર્માશ્રીજીના શિષ્યા**
**પરમ પૂજ્ય સાધ્વી પ્રશમધર્માશ્રીજી**

ભાવનાના બીજમાંથી જ પાંગર્યા હતાં.

દીક્ષા બાદ પણ સાધુઓને સંયમની જબરદસ્ત તાલીમ આપતાં, તેમની માન્યતા હતી કે સાધુ વિદ્વાન કે વક્તા નહીં બને તો ચાલશે પણ વિરાગી-સંયમી તો બનવો જ જોઈએ.

છબીલદાસ પંડિત પાસે સાંભળેલ કે ખંભાતમાં કોઈ શ્રાવકે સાહેબજીને વિનંતી કરી કે ફલાણા સાધુને વ્યાખ્યાનની પાટ ઉપર બેસાડો તો ટુંક સમયમાં તૈયાર થઈ જશે. પ્રવચન પ્રભાવક થઈ શકવાની ઘણી ક્ષમતા તેમનામાં જણાય છે.

સાહેબજી જવાબમાં એટલું જ કહ્યું "મારે સાધુને પ્રવચન પ્રભાવક કે વ્યાખ્યાન વાચસ્પતિ બનાવવા નથી, પણ વિશુદ્ધ સંયમી બનાવવા છે, પાટ તો જોખમી છે. સાવધાન ન રહ્યા તો આ જ પાટ સપાટ કરી નાખે. અનેકનું અહિત કરી નાખે. તમે પણ ખ્યાલ રાખશો કે સાધુની વિદ્વત્તા કે વક્તૃત્વ તરફ મોંઢુ ના રાખતા તેના સંયમ તરફ દૃષ્ટિ રાખશો." શ્રાવકજી સાંભળતા જ રહ્યા. સાહેબજીના સંયમપ્રેમને મનોમન વંદી રહ્યા.

પ્રારંભિક જીવનમાં સાહેબજી તાત્ત્વિક વ્યાખ્યાન કરતાં. એકદા એવું બન્યું કે એક શ્રાવિકા વ્યાખ્યાનથી પ્રભાવિત થયા. વ્યાખ્યાન બાદ સાહેબજી પાસે આવી કહે, "વ્યાખ્યાન ખુબ સુંદર થયું. ઘણું જ ગમ્યું."

આ પ્રશંસા શબ્દો સાંભળી સાહેબજી ગળગળા ન થયા પણ તેમને ધ્રાસ્કો પડ્યો. વિચાર કર્યો કે વ્યાખ્યાન એ શાસન ચલાવવાનું, પ્રભાવના કરવાનું સબળ નિમિત્ત છે, તેમ લપસવા માટે પણ સબળ નિમિત્ત છે. વ્યાખ્યાનથી આકર્ષાઈ બહેનો નિકટના પરિચયમાં આવે, સવાલ-જવાબ કરવા આવે, તો સંયમ ઘવાયા વગર ના રહે. આમ વિચારી ત્યાં જ સંકલ્પ કર્યો કે 'આજ પછી વ્યાખ્યાન કરવું નહીં.'

શાસન ચલાવવા મુનિ રામવિજયજી, મુનિ ભાનુવિજયજી જેવા વિદ્વાન શિષ્યરત્નોને પાટ સોંપી દીધી. બધાના સંયમની કાળજી કરવામાં પોતાનું ધ્યાન સવિશેષ કેન્દ્રીત કર્યું.

દીર્ઘદર્શી ગીતાર્થતાના કારણે અને સંઘ પ્રત્યે અપરંપાર વાત્સલ્યના કારણે વ્યાખ્યાનની પાટથી અલિપ્ત હોવા છતાં શાસન પ્રભાવનાના ગજબના કાર્યો સંયમબળે કરતાં.

સં.૨૦૧૧ માં સાહેબજી પૂના ચાતુર્માસ હતાં, ત્યારે પટવારીએ વિધાનસભામાં બાળદીક્ષા પ્રતિબંધક બીલ પેશ કરેલ.

પૂજ્યશ્રીને થયું: શાસન ઉપરની આ મોટી ઘાત છે. બાળદીક્ષા વિના તો શાસન ચાલી જ શકે નહીં. હેમચંદ્રસૂરિ, બપ્પભટ્ટસૂરિ, યશોવિજયજી, વજસ્વામી જેવા અનેક સિતારાઓએ બાળદિક્ષીત બની શાસનને અજવાળ્યું હતું. કોઈપણ ભોગે આ કાયદો રદ થવો જ જોઈએ.

આ સમયે તેઓના પ્રભાવક શિષ્ય રામચંદ્રસૂરિ કલકત્તા જેવા દૂર સ્થળે હતા છતાં શાસનદાઝથી પ્રેરાઈ પૂજ્યશ્રીએ આ કાયદાને ખાળવા આકાશપાતાળ એક કર્યા. શાસ્ત્રપાઠો, સચોટ દલીલો, તર્કો દૃષ્ટાંતો વગેરે જગત્સમક્ષ મૂક્યા. બાળદીક્ષાની તરફેણમાં પ્રચંડ જુવાળ ઉભો કરી વિરાટ જનમત ઉભો કર્યો.

આ જુવાળ જનમત અને સંયમબળના પ્રભાવે પૂજ્યપાદશ્રીની જ્વલંત જીત થઈ.

ધારાસભામાં બીલ ઉડી ગયું. વિજયની ખુશાલી સમયે કો'કે પૂછ્યું-સાહેબજી ! બીલ પસાર થઈ ગયું હોત તો શું થાત ? સાહેબજી કહે, તો બાળકને જાહેરમાં દીક્ષા આપી કાયદાનો છડે ચોક ભંગ કરી હું પહેલો જેલમાં જાત.

ભગવાનના કાયદાનું પાલન કરવા અને શાસનધૂરાને ચલાવવા જેલમાં જવું એ મોટી વાત નથી.

સાહેબજી ચારિત્રના કટ્ટર આગ્રહી હતાં. તપ, ત્યાગ, સ્વાધ્યાય, ભક્તિ વિગેરેમાં ઓછાવત્તાપણું હોય તો સાખી લેતાં, પણ સંયમમાં શિથિલતા ગમે તેવા ચમરબંધીની પણ ચલાવતાં નહીં. શિથિલાચારીઓને સમુદાય બહાર મૂકવામાંય ખચકાતાં નહીં.

બળથી કે તપથી નહીં, પણ પ્રેમ અને વાત્સલ્યથી સંયમ પળાવતાં. સંયમની શુદ્ધિ માટે જ સાધુઓને સ્વાધ્યાયમાં કર્મપ્રકૃતિ વગેરેના અભ્યાસમાં મસ્ત રાખતાં. જેથી વર્ષો ક્યાં નીકળી જાય તેની ખબર જ ના પડે.

ખાનદાન કુટુંબના નબીરાઓને દીક્ષિત કર્યા પછી, ભણાવી ગણાવી, વિદ્વાન અને પરિણત કર્યા પછી સાહેબજીની એક જ ભાવના હતી કે મારા સાધુઓનો લાભ સંઘની એક આની વર્ગને નહીં સમસ્ત સંઘને મળવો જોઈએ. આ સાધુઓને તૈયાર કરવા પાછળ મેં જે લોહી પાણી એક કર્યા છે, તે એક આની વર્ગ માટે નહીં.

પોતાના સાધુઓની સંયમની સુવાસ સમસ્ત સંઘમાં પ્રસરે, તેમની વિદ્વત્તાનો લાભ ભારતભરનો સંઘ ઉઠાવે અને એક અવાજવાળા સાધુઓ શાસનની શાન આસમાને લઈ જાય તે માટે સદા પ્રયત્નશીલ રહેતાં.

ક્ષુલ્લક કારણોસર સંઘમાં ચાલતાં વિખવાદો અને સંઘર્ષો કાયમ માટે નેસ્તાબુદ થઈ જાય અને સમસ્ત સંઘમાં મજબુત એકતાની પ્રતિષ્ઠા થાય એવું સાહેબજી પળેપળ ઝંખતાં હતાં.

શાસ્ત્રને સાપેક્ષ રહી, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવોના દૂરોગામી પરિણામોને નજર સમક્ષ રાખી સંઘએકતા માટે સાહેબજીના પ્રયત્નો તનતોડ હતાં.

તેઓ કહેતાં હતાં, કે છુટા છવાયા એક એક લાકડાને કોઈપણ આસાનીથી તોડી શકે, પણ લાકડાની સંયુક્ત ભારી તોડવી સરળ નથી. તેમ સંઘ જો વિભક્ત હશે તો ખેદાનમેદાન થઈ જશે. સંયુક્ત રહેશે, તો આબાદીના શિખરો સર કરશે. આથી જ અપવાદિક પટ્ટકો બનાવીને, થોડું જતું કરીને પણ, સંઘની ઐક્યતા જાળવવા તેમણે જહેમત ઉઠાવી. આજે પ્રેમસૂરિ મહારાજનો સમુદાય તેમની સંઘ એકતાની શુભભાવનાના અમૃત પરિણામોને ભોગવી રહ્યો છે.

સાહેબજીએ જોયું, કે હવે પછી કાળ વિકટ આવી રહ્યો છે. શ્રી સંઘને વિવાદમાંથી મુક્ત કરવા જરૂરી છે અને યુવાધનને વિલાસોમાંથી મુક્ત કરવું જરૂરી છે.

વિવાદમુક્તિ માટે સંઘએકતા જોઈએ.

વિલાસમુક્તિ માટે ધર્મસંસ્કરણ જોઈએ.

ભોગવાદ અને ભૌતિકવાદના ઝેરી વાતાવરણમાંથી યુવાપેઢીને ઉગારી તેનામાં સંસ્કરણના અમૃતસિંચન થાય તે માટે પોતાના આજ્ઞાંકિત અને સમર્પિત પટ્ટધર ભાનુવિજયજીને 'શિબિર'ની મશાલ જલાવવાની સહર્ષ અનુમતિ આપી. પોતાની સાથે રાખી શિબિરના આયોજનો કરાવડાવ્યા.

શુભ લગ્ને શરૂ થયેલ આ 'શિબિરો' એ આજ સુધીમાં હજારો નહીં, બલ્કે લાખો યુવાનીયાઓના દેદાર ફેરવી નાખ્યા છે. નાસ્તિકો આસ્તિક બન્યા. આસ્તિકો ધર્માત્મા બન્યા, ધર્માત્માઓ મહાત્મા બન્યા.

આજે પણ પ્રેમસૂરિ મહારાજના સમુદાયમાં શિબિરની જ્યોત ઝળહળતી રહી છે.

પૂજ્યશ્રીનું જીવન જ એક જીવંત સંયમપુંજ સમું હતું.

ઉચ્ચ કોટીની વિદ્વત્તા, પ્રભાવકતા અને ગીતાર્થતા હોવા છતાં, સેંકડો શિષ્યોના સ્વામી હોવા છતાં એક પેન્સિલના ટુકડાનો પણ પરિગ્રહ નહીં.

નિંદક પ્રત્યે પણ અપરંપાર કરૂણા ભાવના જ ભાવવી.

કીર્તી કામનાનો, શીલાલેખો કે ફોટાઓનો લેશમાત્ર મોહ નહીં.

રોજ ધોમધખતા તાપમાં બપોરે ગજગતિએ ૧-૧ાા માઈલ સ્થંડિલ અર્થે બહાર જવાનું.

પદવી કે સત્તાની કામના નહીં. (ગુરુજી દાનસૂરિ મહારાજના કડક વટહુકમના કારણે જ અનિચ્છાએ આચાર્યપદ ગ્રહણ કરેલ)

૧૫ દિવસ પહેલાં કાપ કઢાવવાનો નહીં.

વૃદ્ધવયે પણ ડોલી પાલખીનો કદાપિ ઉપયોગ નહીં.

વા ના ફરતા દુઃખાવાની કાતિલ પીડા વચ્ચે પણ લેશમાત્ર દોષનું સેવન કરવાનું નહીં.

ગુરુદેવમાં ભગવાનના દર્શન કરવાના.

પંન્યાસપદ સુધી ગોચરી પાણી લાવવાના, નાના મોટા બધા સાધુઓની સેવા ભક્તિ કરવાની.

ગચ્છ-પક્ષના ભેદભાવ વિના માંદા સાધુની અપ્રતિમ ભક્તિ-વૈયાવચ્ચ કરવી.

શિષ્યસમુદાયને આલોચના પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરાવવી વિગેરે વિગેરે જીવનચર્યા જોતાં અચુક લાગે કે છેલ્લા કેટલાય વર્ષોમાં આવા મહામાનવો બહુ થોડા થયા હશે.

સાહેબજીની મહાન દીર્ઘદ્રષ્ટિ એ હતી કે તેમણે પોતાના નામે સાધ્વી સમુદાય રાખ્યો ન હતો.

સાહેબજી કહેતાં, ‘‘સાધુઓના સંયમની રક્ષા કરવી, એ સાપના ભારા સાચવવા જેવું કપરૂં છે. તેમને જીવનના અંતિમ શ્વાસ સુધી શુદ્ધ અને નિર્મળ રાખવાના છે.

સાધ્વી કે શ્રાવિકાની અવર-જવર, પરિચય કે સંસર્ગ, સંપર્ક સંયમ પાળવા માટે અતિ ખતરનાક છે. મારે સુવિહિત આચારસંપન્ન સાધુ સંઘના ચરણે ધરવા છે, ટોળા નહીં.’’

કેવી ઉમદા વિચારસરણી છે એ આના ઉપરથી સમજી શકાય છે.

જીવનકાળ દરમ્યાન ક્યારે પણ સાહેબજીએ કોઈપણ સાધ્વીજી કે બહેન સામે ઊંચી નજર કરીને જોયું નથી.

‘બ્રહ્મ’નો સાક્ષાત્ તેજપુંજ કહી શકાય. શિષ્યોને પણ એ જ શિખવ્યું કે, ‘‘સાધ્વી સાથે પરિચય કરવો નહીં, એક મકાનમાં રહેવું નહીં. વિહારાદિમાં સાથે રહેવું નહીં. તેમને પાઠો આપવા નહીં. વગેરે વગેરે.’’

આ જ ભાવોને કો’કે કાવ્યના કેમેરામાં ઝડપી લીધા છે.

સ્ત્રી સાધ્વી સન્મુખ નહીં જોયું, વૃદ્ધપણે પણ તેં તો હો ગુરુવર<br>
વાત કરે જબ હેતુ નિપજે, દૃષ્ટિ ભૂમિએ દેતો હો ગુરુ....૧<br>
શિષ્યવૃંદને એહ શીખવીયું, દૃઢ આ વિષયે રહેજો હો મુનિવર,<br>
તેહ તણા પાલનને કારણ, દુઃખ મરણ નવિ ગણજો હો મુનિ...૨<br>
બ્રહ્મમાં ઢીલા પદવીધર પણ, જાય નરક ઓવારે હો મુનિ,<br>
શુદ્ધ આલોયણા કરે નહિ તેહથી, દુઃખ સહે નિંદા ભારે મુનિ...૩<br>
વિજાતીયનો કરે નહીં તેહથી, દુઃખ સહે તિંહા ભારે હો મુનિ,<br>
કામ કુટિલનો નાશ કરીને, અવિચલ સુખડા વરજો હો...૪

આ શિખ જેમણે ન માની તેમના જીવન શિથિલ થયા વિના રહ્યા નથી.

યશસ્વી ચાતુર્માસ કરીને આવનાર સાધુને સાહેબજી કહેતાં: ‘ચોમાસું પ્રભાવક કર્યું. નામના કમાઈ લાવ્યો. પણ દોષ કેટલા સેવ્યા ? આત્માની આરાધના કેટલી ? શુદ્ધ કેટલી ?’

વાત્સલ્ય સભર સાહેબજીનો સુંવાળો હાથ માથે ફરતાં સાધુઓ તરત અંતરના દોષો ઓકી કાઢતાં. બાળભાવે શુદ્ધિ કરી લેતાં.

આને કહેવાય ગુરુમાતા.

વિરાટ વ્યક્તિત્વ હોવા છતાં નાનામાં નાના સાધુની જીવની જેમ કાળજી રાખતાં. પછી ભલેને તે દૂર હોય.

મુનિ હેમચંદ્રવિજયજી ને અસ્વસ્થતાના કારણે નૈસર્ગિક ઉપચાર માટે ઉરલી કાંચન રાખેલા. સાહેબજી પૂના હતાં, પૂનાથી અઢાર માઈલનો વિહાર કરીને સાહેબજી ખુદ તેમની ખબર કાઢવા માટે ગયા. કેવો ગજબનો શિષ્ય પ્રેમ !

એકદા કોઈક પુણ્યાત્માએ પ્રશ્ન પુછ્યો : સાહેબજી ! આખો સંઘ અશાંતિને ઉકળાટની આગમાં શેકાઈ રહ્યો છે. સર્વત્ર સંઘર્ષ, અંધાધૂંધી, અપ્રસન્નતા છવાયેલા છે. ઉગરવાનો સચોટ ઉપાય શું ?’

સાહેબજીએ સાત અક્ષરમાં જવાબ આપ્યો : ‘પંચાચાર પાલન.’ સર્વત્ર પંચાચાર પાલનનું સામ્રાજ્ય સ્થપાય, તો જ પ્રસન્નતાનો પમરાટ ખીલી ઉઠે. આચારમર્યાદાનું છડેચોક લીલામ થવાના કારણે જ માનવ દુઃખોની ખાઈમાં હોમાઈ રહ્યો છે.

નામ પ્રેમચંદ હતું. દીક્ષા લઈ પ્રેમવિજય બન્યા. જીવનકાળ દરમ્યાન સર્વત્ર સર્વદા પ્રેમ વરસાવવાનું જ કાર્ય કર્યું.

આથી જ અંતિમ અવસ્થામાં સાધુઓએ સ્વયં સ્ટ્રેચર દ્વારા સાહેબજીને ખભે ઊંચકી આખા હિન્દુસ્તાનમાં ફેરવ્યા.

સગા બાપની ઠાઠડી ઉંચકવા જ્યારે કોઈ તૈયાર નથી એવા કાળમાં શિષ્યો ગુરુને ખભે ઉંચકી ફેરવે, એ એક વિરલ ઘટના કહેવાય.

શિષ્યોને પ્રેમ આપી તેમના અંતર ઉપર કેવો ભવ્યવિજય મેળવ્યો હશે આ પ્રેમવિજયજીએ !

આથી જ સાધુઓ સાહેબજીને છોડી એક મિનિટ પણ બીજે જવા તૈયાર ન હતાં.

ભાનુવિજયજી મહારાજ તથા પદ્મવિજયજી મહારાજ સાહેબજીના ડાબા જમણા હાથ જેવા હતાં.

સંપૂર્ણ વફાદારી અને સમર્પણ ભાવથી બંને સાધુઓએ સાહેબજીની તનતોડ સેવા કરી હતી. તેથી સાહેબજીના હૃદયમાં તેઓ આગવું સ્થાન પામ્યા હતાં.

સંસારી અવસ્થામાં ચાર ચોપડી ભણેલા જયઘોષવિજયજી ઉપર સાહેબજીની એવી કૃપાદૃષ્ટિ ઉતરી હતી કે તેઓ ૪૫ આગમના અઠંગ અભ્યાસી બન્યા. શાસ્ત્રીય બાબતમાં સચોટ સમાધાન અને માર્ગદર્શન મેળવવા માટે આચાર્ય જયઘોષસૂરિ આજે સર્વ સંઘમાન્ય સમર્થ વ્યક્તિત્વ છે. સાહેબજીની કૃપાબીજનું આ એક ફળ છે.

અગણિત યુવાનોને શાસનરસિક બનાવનાર પંન્યાસ ચંદ્રશેખર વિજયજી પણ પ્રેમસૂરિ મહારાજનું જ સર્જન છે.

તે સમયના અનેક ગચ્છપક્ષના ધુરંધર જૈનાચાર્યો શાસ્ત્રીય બાબતમાં પ્રેમવિજયજીને પૂછી સંતોષકારક સમાધાન મેળવતાં, એવી નમ્ર ગીતાર્થતાના તેઓ સ્વામી હતાં.

● ૮૪ વર્ષનું આયુષ્ય ● ૬૮ વર્ષનો નિર્મળ સંયમ પર્યાય ● અણિશુદ્ધ જીવનચર્યા ● વિશુદ્ધ બ્રહ્મચર્ય ● વિરાટ કર્મસાહિત્યના મહાસાગરનું મનોમંથન સર્જન ● હજારો લાખો સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાના જીવનનું શુદ્ધિકરણ ● સેંકડો સંયમનિષ્ઠ શ્રમણ રત્નોની સંઘને ભેટ ● ૪૫ આગમનો ઠોસ અભ્યાસ.

આવા વિરાટ સત્કૃત્યોની પરંપરા સર્જી ખંભાત મુકામે પૂજ્ય આચાર્યશ્રી વિજય પ્રેમસૂરિ મહારાજનો કાળધર્મ થયો.

આજે વિચરતાં ૬૦૦ સાધુઓ અને ૬૦૦ સાધ્વીઓ, ૧૨૦૦ જેટલા ગુરુભગવંતોનું પુણ્યસર્જન આ પ્રેમબીજને આભારી છે.

એકમાંથી આજે બારસો થયો. કાલે બારસોમાંથી બાર હજાર થશે. આમ જિનશાસનની અવિચ્છિન્નપણે ચાલતી પરંપરામાં આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું યોગદાન ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ જેવું ગણાય છે, એ નિર્વિવાદ છે.

પ્રેમસૂરીશ્વરજીના જેવા સંયમગુણો આપણે સૌ આત્મસાત્ કરીએ એજ ભાવના.

અંતે

પ્રેમસૂરીશ્વર ! ગુણના આકર ! ગુણ દેઈ અમ દુઃખ મીટાવો હો ગુરુવર<br>
ધીર પુરુષ તેં સહન કર્યું, જે તેહ તણી અમ રીતે બતાવો હો ગુરુવર.

## આજની વાત

### પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરિજી મહારાજ સાહેબ

**(‘અંતસમયે સમાધિ અને જીવનભર આરાધના’- અકસ્માતમાં કાળધર્મ પામેલ સાધ્વીશ્રી યશઃપૂર્ણાશ્રીજીના ગુરુજી તથા સહવર્તી સાધ્વીવૃંદને સાંત્વના આપતો પત્ર...)**

સાધ્વીશ્રી કીર્તિપૂર્ણાશ્રીજી (ડીસાવાળા) આદિ જોગ અનુવંદના...

ત્યાંના દુઃખદ સમાચાર જાણ્યા, પરિસ્થિતિ જાણી.

‘અસંખયં’ - પરમાત્મા કહે છે : જીવન અસંસ્કૃત છે, આયુષ્યની દોરી એકવાર તૂટે, પછી જોડનાર કોઈ નથી. તૂટી એની બુટી નથી.

ભવિતવ્યતાનો કોઈ ઉપાય નથી. સંસારી જીવો સંયોગો-ભવિતવ્યતા અને કર્મને પરાધીન છે. કર્મ અને ભવિતવ્યતા; કયા જીવને કયા સમયે શું કરી દે ? તે આપણે જાણી શકતાં નથી. માટે જ એક સમયનો પણ પ્રમાદ ન કરવાની પ્રભુએ ચેતવણી આપી છે.

ધર્માત્માએ પ્રતિપળ આત્મજાગ્રતિ કેળવીને સદ્ભાવનાઓમાં રમણતા દ્વારા જાગ્રત રહેવું જોઈએ, બનવું જોઈએ. જાગ્રત બનવા માટે, જાગ્રતિ કેળવવા માટે બાહ્ય બધા જ પ્રકારના વ્યવહારરસ છોડી વૈરાગ્યરસ કેળવવો, બધી જ વિભાવનાઓનો ત્યાગ કરી, સંકલ્પ-વિકલ્પો છોડી અધ્યાત્મભાવનાથી તરબોળ બનવું.

વૈરાગ્યરસ અને અધ્યાત્મભાવના જગાવવા માટે યથાશક્ય આચાર-પાલનમાં ઉદ્યત બનવું, તે સાથે સાથે જ્ઞાનાભ્યાસમાં-આચારશાસ્ત્રો, વૈરાગ્યશાસ્ત્રો, અધ્યાત્મના અને ભાવનાના ગ્રન્થોના અભ્યાસ-ચિંતન-મનન-પરાવર્તનમાં સતત પ્રયત્નશીલ રહેવું.

જેમ આચારપાલન, તે જ રીતે વૈરાગ્યગ્રન્થો, આચારગ્રન્થો, ભાવનાગ્રન્થો, ઉપદેશગ્રન્થોનું પરિશીલન અત્યંત ઉપયોગી તેમજ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમને તીવ્ર બનાવે છે. અંતસમયે સમાધિ અને ભવાંતરે સદ્ગતિ-ઉત્તરોત્તર શુભસામગ્રીની પ્રાપ્તિના સદનુબંધ માટે જીવનપર્યંત આ ગ્રન્થોના વાંચન-મનન-પરાવર્તન દ્વારા મનને, આત્માને ભાવિત કરતાં રહેવું.

સદ્ગત આત્મા વર્ધમાનતપ ઓળી વિગેરે તપ અને સંયમના આચાર-પાલનની સાથે પઠન અને ઉપદેશ દ્વારા આરાધના કરતાં-કરાવતાં હતાં. વૈરાગ્ય અને આચારમાં ચુસ્ત હતાં, તેથી સદ્ગતિની સંભાવના વિશેષ છે, તેમની આરાધનાની અનુમોદના.

આપણે આરાધના-સમાધિમાં કટીબદ્ધ રહેવા ઉદ્યમ કરવો. દેવ-ગુરુ પસાયે આપણી આરાધના-સમાધિ ટકી રહે, વધતી રહે, તેવી શાસનદેવને પ્રાર્થના...

...સંકલન...

પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ

## પ્રેરક પ્રસંગો

### ૮૩. સજા કરતા પ્રતિષ્ઠા કિંમતી

આઝાદી પૂર્વેની આ ઘટના છે. દેશમાં ઠેર ઠેર અંગ્રેજો સામેનો રોષ ભભૂકી ઉઠ્યો હતો. નારાઓ, આંદોલનો, આગ ઝરતા પ્રવચનો એ જનસામાન્ય ઘટના બની ચૂકી હતી. માતૃભૂમિને ગુલામીમાંથી મુક્ત કરવા માટે યુવાનો મરણીયા બની ચૂક્યા હતા. એમાંના એક હતા ડૉક્ટર રામમનોહર લોહીયા.

ડૉક્ટર લોહીયાના અંગ્રેજોના બરડાને છોલી નાંખે તેવા હંટરછાપ પ્રવચનો કલકત્તામાં ચાલુ હતાં. પોલીસને સમાચાર મળતાં પોલીસે રામમનોહરની ધરપકડ કરી. લોકોએ લોહીયાની ધરપકડનો વિરોધ કરતાં પોલીસે જવાબ આપ્યો...અંગ્રેજોના શાસન સામે પ્રચંડ વિરોધ દર્શાવતું આ પ્રવચન છે, માટે લોહીયા ગુનેગાર છે.

ડૉ.રામમનોહર પર કેસ થયો. અદાલતમાં એમને લાવવામાં આવ્યા. ત્યારે પોલીસે ન્યાયાધીશ સમક્ષ લોહીયાના પ્રવચનના પેપર્સ રજુ કર્યા. ડૉ.લોહીયાએ આ પેપર્સ જોઈને કહ્યું : ‘સર ! આ નોંધમાં ઘણી બધી ભૂલો છે. એની સામે મારો સખત વાંધો છે. હું આ પેપર્સ પર સાઈન નહિ કરી શકું.’

ન્યાયાધીશ ચકિત થઈ ગયા. એમણે કહ્યું : ‘શું તમે તમારું પ્રવચન તમારી જાતે લખી શકો તેમ છો ?’

યસ સર. ડૉ.રામમનોહરે છાતી તાણીને જવાબ આપ્યો.

ન્યાયમૂર્તિની રજા મળતાં ડૉ.લોહીયાએ પોતાની શૈલીમાં સંપૂર્ણ પ્રવચન લખીને તૈયાર કર્યું. બીજા જ દિવસે ન્યાયાધીશને પહોંચાડવામાં આવ્યું. તેઓ સંપૂર્ણ પ્રવચન વાંચી ગયા. અંદરને અંદર સમસમી ગયા.

અદાલતમાં જ્યારે ડૉ.લોહીયા ઉપસ્થિત થયા, ત્યારે ન્યાયાધીશે કહ્યું : મિસ્ટર લોહીયા ! પોલીસે લખેલા પ્રવચન કરતાં પણ તમારું પ્રવચન વધુ જલદ છે. અંગ્રેજો સામે ભારે આક્રોશ ધરાવતું છે. આ વાંચીને અંગ્રેજો ઊભેઊભા સળગી જશે. એટલું જ નહિ, આથી તમને વધુ આકરી સજા થશે. આ સાંભળીને લોહીયાએ કહ્યું : ‘સર ! હું સજાથી બ્હીતો નથી. જે સજા થતી હોય તે સજા કરો. પણ પોલીસની નોંધ મુજબનું પ્રવચન તો હું નહિ જ ચલાવી લઉં. કારણકે પોલીસની નોંધ પરથી તો લોકોને એમ જ લાગશે કે ડૉ. લોહીયાને અંગ્રેજી આવડતું ન નહિ હોય. સર ! મારા અંગ્રેજી ભાષાના જ્ઞાન માટે લોકોમાં બહુ માન છે. સજાના ભયથી મારી પ્રતિષ્ઠાને હું ગુમાવવા માંગતો નથી. મારે મન મારી પ્રતિષ્ઠાની બહુ કિંમત છે.

કમાલ છે ને ! પ્રતિષ્ઠા ખાતર સજાને-કડક સજાને હસતાં મોંઢે સ્વીકારતાં એ કાળના નેતાઓ ક્યાં અને પ્રતિષ્ઠાને બાજુ પર મૂકીને ગુનાઓ આચરતાં આજના નેતાઓ ક્યાં ?

### ૮૪. મુક્તિનો આનંદ

એ હતો ઈટાલીનો સુપ્રસિદ્ધ ચિત્રકાર લિયોનાર્ડ દ વિન્ચી. માત્ર ઈટાલીમાં જ નહિ, સમગ્ર વિશ્વમાં તેની શ્રેષ્ઠ ચિત્રકાર તરીકેની પ્રતિષ્ઠા જામી ગઈ હતી. એના ચિત્રો એટલા ટોપ થતા કે પોતાના પેઈન્ટીંગની નીચે ‘દ વિન્ચી’ એવું નામ ન લખ્યું, હોય તો પણ કલાપ્રેમી એના પેઈન્ટીંગ્સને ઓળખી જતા.

વિન્ચી પ્રકૃતિપ્રેમી હતો. પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર ચિત્રો દોરવાનો એને બેહદ શોખ હતો. એકવાર આવા પ્રાકૃતિક દશ્યોને ચિત્રિત કરવાના આશયથી વહેલી સવારથી તે જંગલમાં પહોંચી ગયો. જ્યાં જુઓ ત્યાં પ્રકૃતિએ સુંદર રંગોની રંગોળી સજાવી હતી. ઉપર આસમાન તો નીચે વનરાજીથી ભરપૂર જંગલ. દૂરથી જોતા આકાશ અને જંગલ જાણે એકબીજામાં ભળી ગયા હોય તેવો આભાસ ઉભો થતો હતો. વિન્ચી આવા અદ્ભુત દશ્યો જોઈને પાગલ થઈ ગયો. એનો હર્ષ આસમાને પહોંચી ગયો. એ હર્ષના આવેગમાં આવી ચીચીયારીઓ પાડી ઉઠતો. આમ ને આમ પ્રકૃતિ દેવતાના દર્શનમાં સાંજ ક્યારે પડી ગઈ એનો પણ એને ખ્યાલ ન રહ્યો. આખા દિવસમાં એના પેટના પટારામાં અન્નનો દાણો કે પાણીનો બુંદ પણ ગયો ન હતો.

એને ખૂબ તરસ લાગી હતી. પાણી માટે ચારેબાજુ નજર કરતાં એની નજર એક ઝૂંપડા પર પડી. એ એક ખેડૂતનું ઝૂંપડું હતું. વિન્ચીએ ત્યાં જઈ પાણી માંગ્યું. ખેડૂત પાણી લેવા અંદર ગયો, ત્યારે વિન્ચીની નજર ખેડૂતના ઝૂંપડાના બારણા પર પડી. બારણા પર એક પીંજરું લટકતું હતું. પીંજરામાં એક પક્ષી હતું. એને પીંજરામાંથી મુક્ત થવું હતું. એ માટે તે સતત પોતાની પાંખો ફફડાવતું હતું. પણ એના એ તમામ પ્રયાસો નિષ્ફળ નિવડતાં હતાં.

સવારથી સાંજ સુધી પ્રાકૃતિક દશ્યો જોઈને જેના નયનો હસુ હસુ થઈ રહ્યા હતા એ વિન્ચીની આંખો પક્ષીની છટપટાહટથી છલકાઈ ઉઠી. એનું હૃદય કકળી ઉઠ્યું. એનાથી ન રહેવાયું.

વિન્ચીએ ખેડૂતને કહ્યું : ‘દોસ્ત ! મારાથી આ પક્ષીની વેદના નથી જોવાતી. તું એને બંધનમાંથી મુક્ત કર, તું કહે એટલા પૈસા આપીશ.’ ખેડૂત તૈયાર થયો. લિયોનાર્ડો દ વિન્ચીએ ખેડૂતના કહ્યા મુજબ રકમ તાત્કાલિક આપી દીધી.

શાસ્ત્રવચનોના અર્થ કરતી વખતે પણ એ વિચારવું જોઈએ કે તાત્પર્ય શું છે ? માત્ર શબ્દો પકડીને તેના અર્થને પકડી રાખે અને ''આમ જ કરવું જોઈએ, શાસ્ત્રમાં આમ જ રહ્યું છે.'' એમ માને, તે પેલા દીકરા જેવો જડ અને મૂર્ખ ન કહેવાય ?

કેટલાક દૃષ્ટાંતથી આ વાત વિચારીએ.

શાસ્ત્રોમાં વિહાર કરતાં સાધુ આગાઢ બિમાર પડે, તો ગાડામાં લઈ જવાનું વિધાન છે. હવે માનો કે કોઈ સાધુને અકસ્માત થયો. તે વખતે સાથે રહેલ-શાસ્ત્રો ભણેલ (!) સાધુ એમ કહે કે શાસ્ત્રોમાં તો ગાડામાં જ લઈ જવાની વાત છે, તો હું ગાડામાં લઈ જવાની રજા આપીશ. એમ્બ્યુલન્સ કે કારમાં નહીં. તો ગાડું આવે ત્યાં સુધીમાં કદાચ સાધુ મૃત્યુ પામી જાય, તેવું પણ બને અને ત્યાં સુધી પીડા સહન કરે, તે તો જુદું...

અહીં 'ગાડા' દ્વારા શાસ્ત્રકારનું તાત્પર્ય શું છે ? લોકો દ્વારા વપરાતું ઝડપી હેરફેરનું સાધન કે જેના વડે સાધુને ઝડપથી નજીકના સ્થળે સારવાર માટે લઈ જઈ શકાય, અને તેને ચાલવા વગેરેનો પરિશ્રમ ન પડે. શાસ્ત્રોની રચના થઈ તે કાળે તેવું સાધન ''ગાડું'' હતું. એટલે શાસ્ત્રકારે 'ગાડું' લખ્યું. વર્તમાનમાં તેવું સાધન 'કાર' છે, 'એમ્બ્યુલન્સ' છે, તો શાસ્ત્રકારે લખેલા 'ગાડુ' શબ્દનો તાત્પર્યાર્થ તો 'કાર' કે 'એમ્બ્યુલન્સ' જ થાય. ત્યાં 'ગાડું' પકડી રાખનાર, 'કાર'નો વિરોધ કરનાર, શાસ્ત્રના તાત્પર્યાર્થને સમજ્યા નથી.

બીજું દૃષ્ટાંત વિચારીએ. શાસ્ત્રમાં અમુક સંયોગોમાં સાધુ માટે પાતરાને 'ગોમય' થી સાફ કરવાનું વિધાન છે. સંસ્કૃતમાં 'ગોમય' શબ્દનો અર્થ આમ તો 'છાણ' થાય છે. પણ છાણથી તો પાતરું સાફ થાય નહીં-ઊલ્ટું બગડે.. શાસ્ત્રો રચાયા તે કાળે લોકો વાસણને માટી અને રાખથી સાફ કરતા હતા, તેથી 'ગોમય' નો અર્થ 'છાણની રાખ' કરવો જોઈએ. કારણકે તાત્પર્ય પાતરું સાફ કરવાનું છે. અને વર્તમાનકાળમાં તો રાખ મળવી દુર્લભ છે, ક્યાંકથી મંગાવવી પડે, જે વાહનમાં આવે તો સાધુના આચારની વિરુદ્ધ છે. તો વર્તમાનમાં લોકો જેનાથી વાસણ ધુએ છે, તે સાબુ પાવડરથી ધોવાનું તાત્પર્ય સમજવું જ જોઈએ. રાખ (કે છાણ) નોજ આગ્રહ રાખનાર જડ જ ગણાય.

ત્રીજી વાત વિચારીએ. 'મન્હ જિણાણં સજ્ઝાય'માં શ્રાવકનું કર્તવ્ય 'પુત્થયલિહણં'-'પુસ્તકનું લેખન' બતાવ્યું છે. તેનો શબ્દાર્થ કરીએ તો અર્થ એવો થાય કે 'લેખન' જ કર્તવ્ય છે, છાપકામ વગેરે નહીં. પણ એ તો પેલા કાગડા જેવું થયું.

વાસ્તવમાં 'પુત્થય લિહણં' કર્તવ્ય બતાવવા પાછળ તાત્પર્ય શું છે ? શ્રાવક, જ્ઞાન, જ્ઞાનના ઉપકરણો પ્રત્યે ભક્તિવાળો થાય, જ્ઞાનનો પ્રસાર થાય, યોગ્ય અભ્યાસાર્થીને સરળતાથી મળી રહે, વગેરે.. તે કાળે તે માટેનું સાધન લેખન જ હતું. વર્તમાનમાં છાપકામ (કે અન્ય તેવા સાધનોથી) આ બધા આશય વધુ સારી રીતે થઈ શકે છે. કારણકે એક સાથે ઘણી નકલો છપાય, લેખન કરતાં છપાઈ સુવાચ્ય હોય છે-ક્યાંય વાંચનમાં ભ્રમ કે સંશય ન થાય વગેરે. જ્યારે લેખનમાં લહિયાઓ અજ્ઞાની હોવાથી ભરપૂર અશુદ્ધિઓ જોવાય છે.

ત્યારે, શાસ્ત્રમાં તો 'લેખન'ની જ વાત છે, 'છપાઈ'ની નહીં; આવું કહે તો તાત્પર્ય સમજ્યા વિનાનો જડ જ કહેવાય કે બીજું કંઈ ? (અલબત્ત, જે ગોપનીય ગ્રંથો છાપવા યોગ્ય નથી, તેના માટે આ વાત નથી.)

સારાંશ એ કે, શબ્દના અર્થ પકડીને જડ ન બનાય, શાસ્ત્રકારના તાત્પર્યને પકડવું જોઈએ; તો જ વાસ્તવિક પદાર્થ સમજી શકાય.

...આલેખન...

પરમ પૂજ્ય મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી મહારાજ

# જે બને શાંત; તે બને સ્વ માટે સંત, પર માટે વસંત

આલેખન : પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ (પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાય)

"સ્વભાવને સુધારવા માટે મળેલો માનવભવ એ ક્રોધ કરવા માટેની સીઝન નથી. ક્રોધ વાઘ-વરુ-દીપડાને શોભે, નારકીને શોભે, માનવને નહીં. આ તો ક્ષમાની સીઝન છે." Season to Forgive & Forget.

ચાર ગતિમાં સૌથી વધુ ક્રોધની ઉત્કટતા નરકમાં હોય છે. કંઈક અંશે તિર્યંચ ગતિમાં પણ હોય છે. વાઘ-વરુ-દીપડા જન્મજાત વૈરવૃત્તિ અને ક્રોધવૃત્તિને ધારનારા હોય છે. જે ભવમાંથી મોક્ષે જવાની સાધના કરવાની હોય છે, તે ભવમાં અને તેમાં પણ જિનશાસનને પ્રાપ્ત કર્યા પછી, જિનવાણીના શ્રવણ દ્વારા સમજણ મેળવ્યા પછી શું ક્રોધ શોભે ?, ગુસ્સો શોભે ?, કડવા વેણ શોભે ?, અપશબ્દો શોભે ? આવેશ-ઉકળાટ, બતાવી દેવાની વૃત્તિ-આ બધું શું શોભે ? નહીં જ ને !

જો સ્વભાવને સુધારવાની સીઝન જેવો માનવભવ મળ્યા પછી, એ જ ક્રોધ ચાલુ હોય તો માનવું રહ્યું કે ખોળિયું માનવનું છે. બાકી, અંદર તો 'વાઘ' બેઠો છે.

મગજમાં સીઝન પોલિસીનું આ બોર્ડ એવી રીતે લગાડી દો કે ૨૪ કલાક એ તમારી નજરમાં, તમારા ધ્યાનમાં જ રહે

**"આ સીઝન ક્ષમાની કમાણી કરવા માટેની છે, ગુસ્સો કરવાની નહીં."** આટલું પણ વાક્ય ગુસ્સાને કંટ્રોલમાં રાખવા ખૂબ કામયાબ નીવડશે.

**"આજે રોકડા કાલે ઉધાર"**

**Today Cash, Tommorow Credit.**

આ જ સૂત્ર ગુસ્સાને કંટ્રોલમાં રાખવા માટે નીચે મુજબ ગોઠવો-

"આજે ક્ષમા, કાલે ગુસ્સો"

"આજે ઉદારતા, કાલે કૃપણતા"

"આજે નમ્રતા, કાલે માન"

"આજે સરળતા, કાલે માયા"

આજે એટલે કે આ ભવમાં, કાલે એટલે કે આવતા ભવમાં. ફરીથી એક વાક્ય ઘૂંટો -

"આ ભવમાં ક્ષમા, આવતા ભવમાં ગુસ્સો"

ગુસ્સાનો આવેગ આવે, ત્યારે જો આ વાક્ય સામે લાવશો તો તરત જ એ આવેગ અને આવેશ હળવા થઈ જશે, મંદ પડી જશે, નષ્ટ થઈ જશે. ગુસ્સાની એ પળ જ કટોકટીની હોય છે. જો એ બે-પાંચ મિનિટ મનને સાચવી લઈએ, કશું પણ ન બોલીએ તો અવશ્ય ગુસ્સો રવાના થાય. ધીરે-ધીરે ગુસ્સો આવતો પણ બંધ થઈ જાય. કોઈ આપણી સાથે દુર્વ્યવહાર કરે, ત્યારે ગુસ્સો કરવાના બદલે તે દુર્વ્યવહારને હકારાત્મક દૃષ્ટિકોણથી મૂલવો, કદાચ તમારા એ દૃષ્ટિકોણથી દુર્વ્યવહાર કરનારો પણ સુધરી જાય.

પ્રશ્ન : ગુસ્સો કરતાં નથી, ગુસ્સો થઈ જાય છે. તેનું શું ?

ઉત્તર : આ તો બહુ ભયાનક ભૂમિકા છે. 'મેં ગુસ્સો કર્યો કે હું ગુસ્સો કરી રહ્યો છું'-આવી સભાનદશા વિના બેભાનદશામાં જ થઈ રહેલો ગુસ્સો તો બહુ ભયંકર નીવડે. જેને ખબર પડતી હોય કે હું ક્યાં, કેવી રીતે અવાર-નવાર ખાડામાં પડું છું ? તે બચી શકે. પણ જેને એ જ ખબર ન પડતી હોય, તે કેવી રીતે બચી શકે ? માટે, આવી બેભાનદશામાંથી તો બહુ વહેલી તકે બહાર આવી જવા જેવું છે. તો જ ગુસ્સો છોડવો શક્ય બનશે.

યાદ રાખજો-ગુસ્સો કરશો તો તમે તો સળગશો જ. સાથે તમારી પાસેનાને પણ સળગાવશો. સર્વત્ર હોળીનું જ સર્જન કરશો. તમારો Royal સ્વભાવ સર્વત્ર દિવાળીનું સર્જન કરશે. પસંદગી તમારા હાથમાં છે. તમને શું પસંદ છે, સર્જાતી દિવાળી કે હોળી ?

ટૂંકમાં આટલું મગજમાં નોંધી લો કે -

"જેમ રાત્રે હીરાની દુકાન ખોલી ધંધો કરનાર લૂંટાયા વિના રહેતો નથી, તેમ **પાપોદયમાં જીભને છૂટી મૂકનારનો ક્ષમાવૈભવ લૂંટાયા વિના રહેતો નથી."**

"કોમી રમખાણના સમયે દિવસે પણ જેમ દુકાન ન ખોલાય, તેમ જ્યારે અંદરમાં ગુસ્સાનું રમખાણ મચેલું હોય ત્યારે વચન ન ઉચ્ચારાય."

લખી રાખો આ વાક્ય મગજમાં, વાંચે રાખો એને ચોવીસે કલાક કે -

"હીરા બજારમાં બદામી કોલસાનો વેપાર જેમ ન શોભે, તેમ જિનશાસનમાં જન્મ મેળવનાર મારા જેવાને હવે ક્રોધ ન શોભે."

## શંકા-સમાધાન

પ્રશ્ન : મિચ્છામિ દુક્કડં એટલે શું ?

ઉત્તર : આત્માના અસત્-અશુભ મન/વચનકાયાના યોગોની જે પ્રવૃત્તિ કે પ્રણિધાનાદિ થયા હોય... તેની હું નિંદા કરું છું, આવી અશુભ પ્રવૃત્તિવાળા મારા આત્માને છોડું છું...અર્થાત્ મારા એ દુષ્કૃતની હું માફી માંગું છું.

આમાં જે દુષ્કૃત જ્ઞાત હોય, તેનું મિચ્છામિ દુક્કડં મુખ્ય બને છે. જ્યારે જે અજ્ઞાત છે... તેનું મિચ્છામિ દુક્કડં ગૌણ બને છે.

જ્યાં મિચ્છામિ દુક્કડં હોય, ત્યાં વોસિરામિ પણ અધ્યાહારથી સમાઈ જાય છે.

જેમ આત્માના અશુભભાવોનું મિચ્છામિ દુક્કડં આપવાનું હોય છે, તેમ એને વોસિરાવવાના પણ હોય છે.

પ્રશ્ન : એ કઈ રીતે થાય ?

ઉત્તર : ૧) પરપુદ્ગલો પ્રત્યેના મમત્વને/રાગાદિભાવોને/ સ્વામિત્વને વોસિરાવવાથી. ૨) પરજીવો પ્રત્યેની અસત્ક્રિયા/ અસદ્ભાવોને વોસિરાવવાથી.

સિદ્ધાંત દિવાકર આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ

## વૈરાગ્ય વારિધિ પરમ પૂજ્ય સ્વ. આચાર્ય ભગવંત યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના હાલમાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તિની પૂજ્ય સાધ્વીજી ભગવંતોના સં.૨૦૭૩ ના ચાતુર્માસની સૂચિ

### સ્વ.પૂ.પ્ર.સા.શ્રી રંજનશ્રીજી મ.સા.નો પરિવાર

૧ **પૂ.પ્ર.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ,**
હેમપ્રભા દિવ્ય આરાધના ભવન,
૨૫, દીપકુંજ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

૨ **પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી મહારાજ**
ડૉ. ગાંધીના મકાનની પાછળ, પોરવાલ સોસાયટીની ગલીમાં, ઋષભ ફ્લેટની પાછળ, હીરા જૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

૩ **પૂ.સા.શ્રી મહાનંદાશ્રીજી મહારાજ** (તપોવન)
C/o. કમલ પ્રકાશન ટ્રસ્ટ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

૪ **પૂ.સા.શ્રી વિશ્વપ્રભાશ્રીજી મહારાજ**
કે.મો. જૈન ઉપાશ્રય, નવાવિકાસ ગૃહ રોડ,
ઓપેરા સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

૫ **પૂ.સા.શ્રી યશોધનાશ્રીજી મહારાજ**
રૂમ નં. ૩, ધર્મરસિક તીર્થ વાટિકા,
એકતા ટાવર પાસે, નમ્રતા ફ્લેટની બાજુમાં,
બેરેજ રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

૬ **પૂ.સા.શ્રી જયમાલાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી દર્શનરત્નાશ્રીજી મહારાજ**
૩૪, સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાયટી,
નેમિ વિવેકવિહાર સામે, સાબર ફ્લેટ,
શાંતિભવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

૭ **પૂ.સા.શ્રી જયમંગલાશ્રીજી મહારાજ**
મણિભાઈ ઘેલાભાઈનો ઉપાશ્રય, ગુરુકુલની સામે,
રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

૮ **પૂ.સા.શ્રી દિવ્યયશાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી નયરત્નાશ્રીજી મહારાજ**
શ્રી સંભવનાથ જૈન દેરાસર, પંકજ સોસાયટી,
ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

૯ **પૂ.સા.શ્રી સંવેગરત્નાશ્રીજી મહારાજ**
Shri Shantinath Jain Mandir,
Kanchgar Gulli, Hubli-580028.
(Karnatak)

૧૦ **પૂ.સા.શ્રી ચારિત્રરત્નાશ્રીજી મહારાજ**
રંજનવિહાર, માણેકચોક, ખંભાત-૩૮૮૬૨૦.

૧૧ **પૂ.સા.શ્રી મેરુધરાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી મુક્તિધરાશ્રીજી મહારાજ**
ચિંતામણી જૈન દેરાસર, પ્રિતમનગરનો ઢાળ, જૈન સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

૧૨ **પૂ.સા.શ્રી નિર્મલયશાશ્રીજી મહારાજ**
શ્રી પાર્શ્વભક્તિ જૈન સંઘ, પાંડુરંગવાડી, શાંતિનગર, માનપાડા રોડ, ડોંબીવલી (ઈ.), જિલ્લા. થાણા-૪૨૧૨૦૧.

૧૩ **પૂ.સા.શ્રી ચારિત્રવર્ધનાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી જ્યોતિવર્ધનાશ્રીજી મહારાજ**
દાદાસાહેબ જૈન દેરાસર, કાળાનાળા,
ભાવનગર-૩૬૪૦૦૧.

૧૪ **પૂ.સા.શ્રી હૃદયરત્નાશ્રીજી મહારાજ**
શ્રી સોસાયટી નગર જૈન શ્વે.મૂ.પૂ.સંઘ,
મહાવીરનગર, હરિઓમ સોસાયટી કોર્નર,
ગાયત્રી મંદિર રોડ, હિંમતનગર-૩૮૩૦૦૧.

૧૫ **પૂ.સા.શ્રી વિરલવર્ધનાશ્રીજી મહારાજ**
૧૪,જૈન મરચન્ટ સોસાયટી, શાંતિનાથ ભગવાનનું દેરાસર, બાદશાહ ડેરીની ગલીમાં, મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.

૧૬ **પૂ.સા.શ્રી દીપયશાશ્રીજી મહારાજ**
શેફાલી શ્વે.મૂર્તિ જૈન સંઘ, એ/૧૪, શેફાલી એપાર્ટમેન્ટ, લાવણ્ય સોસાયટી પાસે, વાસણા,
અમદાવાદ-૩૮૦૦૦૭.

૧૭ **પૂ.સા.શ્રી જિનકૃપાશ્રીજી મહારાજ**
શેઠ મોતીશા જૈન ટેમ્પલ,
૧૮૦-શેઠ મોતીશા લેન, લવલેન,
પોલીસ સ્ટેશન પાસે, ભાયખલા (ઈસ્ટ), મુંબઈ.

૧૮ **પૂ.સા.શ્રી મૈત્રીરત્નાશ્રીજી મહારાજ**
श्री राजराजेन्द्र आराधना भवन,
राममंदिर रोड, बीजापुर-५८६१०१. कर्णाटक.

### સ્વ.પૂ.સા.શ્રી રોહિણાશ્રીજી મ.સા.નો પરિવાર

૧ **પૂ.સા.શ્રી ભાગ્યોદયાશ્રીજી મહારાજ**
શ્રી રોહિણાશ્રીજી સ્વાધ્યાય મંદિર,
આયંબીલ ખાતા સામે, ઉત્તમનગર સોસાયટી,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

૨ **પૂ.સા.શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી મહારાજ**
શ્રાવિકા ઉપાશ્રય, પ્લોટ નં. ૯૫, જવાહરનગર,
ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૨.

૩ **પૂ.સા.શ્રી ઉજ્જ્વલધર્માશ્રીજી મહારાજ**
નૂતન શ્રાવિકા ઉપાશ્રય, રામનગર,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

૪ **પૂ.સા.શ્રી અનંતકીર્તિશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી સંસ્કારનિધિશ્રીજી મહારાજ**
શ્રી સરદારબાગ શ્વે.મૂ.જૈન સંઘ,
હીરાચંદનગર, બારડોલી-૩૯૪૬૦૨. જિ. સુરત.

૫ **પૂ.સા.શ્રી રત્નકીર્તિશ્રીજી મહારાજ**
શ્રી વિમલનાથ જૈન દેરાસર, સંતકૃપા સોસાયટી,
આઈનોક્ષ થીયેટરની સામેની ગલીમાં,
મક્તમપુરા, ઝાડેશ્વર રોડ, ભરૂચ.

૬ **પૂ.સા.શ્રી રાજરત્નાશ્રીજી મહારાજ**
Jain Temple, Station Road,
Baramati, D. Puna-413102.

૭ **પૂ.સા.શ્રી મુક્તિનિલયાશ્રીજી મહારાજ**
શ્રી દેવનગર જૈન સંઘ, ઈ/૧૪૯-દેવનગર, પવાર પબ્લિક સ્કૂલની બાજુમાં, સાંઈબાબા નગર, વીરટાવર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.

૮ **પૂ.સા.શ્રી મધુરનિધિશ્રીજી મહારાજ**
શ્રીનગર સોસાયટી, માધવ એપાર્ટમેન્ટ,
એમ.જી.રોડ, ગોરેગાંવ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૨.

૯ **પૂ.સા.શ્રી સુધર્માનિધિશ્રીજી મહારાજ**
श्री जैन श्वेतांबर आदेश्वर भगवान मंदिर ट्रस्ट
४३/४६,जोडभावी पेठ,सोलापुर-४१३००२.

૧૦ **પૂ.સા.શ્રી પુણ્યનિધિશ્રીજી મહારાજ**
સરસ્વતી ટાવર-સી, ગ્રાઉન્ડ ફ્લોર,
સોના ઉદ્યોગ સામે, પારસી પંચાયત રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૯.

૧૧ **પૂ.સા.શ્રી સંવેગનિધિશ્રીજી મહારાજ**
श्री ऋषभ-संभव जिन जैन श्वेतांबर संघ
श्री संभवनाथ जैन मंदिर, कपडा बाजार,
अहमदनगर-४१४००१. महाराष्ट्र.

૧૨ **પૂ.સા.શ્રી પિયુષપૂર્ણાશ્રીજી મહારાજ**
ચામુંડા જ્વેલ કો.ઓ.હા.સો., યશવંતનગર,
તીન ડોંગરી, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૨.

૧૩ **પૂ.સા.શ્રી નંદીવર્ધનાશ્રીજી મહારાજ**
શ્વેતાંબર મૂ.તપાગચ્છ જૈન સંઘ
શામળભુવન, ગિરધરનગર સોસાયટી,
ગિરધરનગર, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

૧૪ **પૂ.સા.શ્રી નિર્મલવર્ધનાશ્રીજી મહારાજ**
તપાગચ્છ જૈન સંઘ, શ્રી આદિનાથ દેરાસર,
વાણિયાવાડ, મોટો ડેલો, ભુજ-કચ્છ-૩૭૦૦૦૧.

૧૫ **પૂ.સા.શ્રી અપૂર્વનિધિશ્રીજી મહારાજ**
સૌભાગ્યવર્ધક શ્રી આદિનાથ શ્વે.મૂ.તપ.જૈન સંઘ
૧૬૪, ચારકોપ, સેક્ટર નં.૫,
સંસ્કાર સ્કૂલની બાજુમાં, માનવબિલ્ડીંગની સામે,
ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.

૧૬ **પૂ.સા.શ્રી જિનાજ્ઞાનિધિશ્રીજી મહારાજ**
કોલડુંગરી મૂર્તિ જૈન સંઘ, સહારા રોડ,
કોલડોંગરી, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૧

૧૭ **પૂ.સા.શ્રી ધૈર્યનિધિશ્રીજી મહારાજ**
श्री जैन श्वेतांबर उपाश्रय, होस्पिटल रोड,
मोहननगर, हिण्डौन सीटी,
जिल्ला करौली-322230.

૧૮ **પૂ.સા.શ્રી બોધિનિધિશ્રીજી મહારાજ**
श्री संभवनाथ जैन श्वेतांबर पेढी
सोमैया कंम्पाउन्ड, मेईन रोड,
श्रीरामपुर-४१३७०९. जि. अहमदनगर.

૧૯ **પૂ.સા.શ્રી કૃતાર્થનિધિશ્રીજી મહારાજ**
श्री जैन श्वेतांबर मूर्तिपूजक संघ
अजितनाथ पेढी, जयवंत चोक,
नंदुरबार-४२५४१३. महाराष्ट्र.

૨૦ **પૂ.સા.શ્રી પ્રતિજ્ઞાનિધિશ્રીજી મહારાજ**
બી-બ્લોક, પહેલા માળે, આરાધના ભવન,
સુવિધિ ટાવર, જ્ઞાનદા સોસાયટી પાસે,
જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.

### સ્વ.પૂ.સા.શ્રી રોહિતાશ્રીજી મ.સા.નો પરિવાર

૧ **પૂ.સા.શ્રી હિતસેનાશ્રીજી મહારાજ**
રૂમ નં.૧૮, કસ્તુરધામ, તળેટી રોડ,
પાલીતાણા-૩૬૪૨૭૦.

૨ **પૂ.સા.શ્રી નિર્મલગુણાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી અક્ષિતગુણાશ્રીજી મહારાજ**
કીર્તિ સોસાયટી, જૈન દેરાસરની બાજુમાં,
જૈન ઉપાશ્રય, વરસોડાની ચાલી પાસે,
રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

૩ **પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મહારાજ**
C/o. ધર્મેન્દ્રભાઈ એન. શાહ
બંગલા નં.૫-એ, ન્યુ ચૈતન્યનગર સોસાયટી,
ગિરધરનગર, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

૪ **પૂ.સા.શ્રી વિરાગરત્નાશ્રીજી મહારાજ**
કંકુબાઈ હેમાભાઈ આયંબિલશાળાના મેડા ઉપર,
રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

**સ્વ.પૂ.સા.શ્રી વિમલપ્રભાશ્રીજી મ.સા.નો પરિવાર**

૧ **પૂ.સા.શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી મહારાજ**
દિવ્યદર્શન ટ્રસ્ટ-૨૯-૩૦, વાસુપૂજ્ય બંગ્લોઝ, બાગેશ્રી ફ્લોના ખાંચામાં, રામદેવનગર, ઈસ્કોન ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

૨ **પૂ.સા.શ્રી સૌમ્યપૂર્ણાશ્રીજી મહારાજ**
શ્રી પ્રહલાદનગર જૈન સંઘ, આનંદ બંગ્લોઝની બાજુમાં, કિરણનગર શોરૂમની ગલીમાં, પ્રહલાદનગર, અમદાવાદ-૩૮૦૦૧૫.

૩ **પૂ.સા.શ્રી શ્રુતિપૂર્ણાશ્રીજી મહારાજ**
Shri Jain Temple, Mahavir Nagar, B.L.D.E. Road, Bijapur-586101. Karnataka.

૧ **પૂ.સા.શ્રી પરમવર્ધનાશ્રીજી મહારાજ**
શ્રી જયનમિનાથ શ્વે.મૂર્તિ.તપા. જૈન સંઘ રવિદીપ એપાર્ટમેન્ટ, 'બી' વિંગ, તિલક રોડ, સર્વેશ હોલની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ)-૪૨૧૨૦૧.

૨ **પૂ.સા.શ્રી પ્રસન્નવર્ધનાશ્રીજી મહારાજ**
શ્રી આદિનાથ તપા.શ્વે.મૂર્તિ જૈન સંઘ આચાર્યવિજયશ્રી નીતિસૂરિ આરાધના ભવન, મોટા જૈન દેરાસર પાસે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪.

૩ **પૂ.સા.શ્રી હર્ષવર્ધનાશ્રીજી મહારાજ**
जैन संघ, नहेरुनगर, पिंपरी, भोसरी रोड, पूना-४११०१८.

## દીક્ષા દાનેશ્વરી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તિની પૂજ્ય સાધ્વીજી ભગવંતોના સં.૨૦૭૩ ના ચાતુર્માસની સૂચિ

૧ **પૂ.સા.શ્રી પુષ્પલતાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી વિનીતરેખા શ્રીજી મહારાજ**
મલ્લીનાથ એપાર્ટમેન્ટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

૨ **પૂ.સા.શ્રી સૌમ્યરેખાશ્રીજી મહારાજ**
૧૦૧, આકાશદીપ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, ફાયરબ્રિગેડની બાજુમાં, સુરત-૩૯૫૦૦૨.

૩ **પૂ.સા.શ્રી હર્ષિતરેખાશ્રીજી મહારાજ**
સુમેરુ એપાર્ટમેન્ટ, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૪ **પૂ.સા.શ્રી કુમુદરેખાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી ભવ્યરેખાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી લલીતાંગરેખા શ્રીજી મહારાજ**
શ્રી ઉમરા જૈન શ્રાવિકા, સરગમ શોપીંગ સેન્ટરની પાછળ, ઉપાશ્રય, ઉમરા, સુરત.

૫ **પૂ.સા.શ્રી પુણ્યરેખાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી મોક્ષરેખાશ્રીજી મહારાજ**
બી-૧૦૩-૧૦૪, વાસુદર્શન એપાર્ટમેન્ટ, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૬ **પૂ.સા.શ્રી કીર્તિરેખાશ્રીજી મહારાજ**
दिलीपजीखंडी, सदर बाजार, छोटी सादडी-३१२६०४.

૭ **પૂ.સા.શ્રી કુલરેખાશ્રીજી મહારાજ**
બીજે માળ, વેસ્ટર્ન એરીના, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૮ **પૂ.સા.શ્રી પ્રશમરેખાશ્રીજી મહારાજ**
શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન પેઢી શ્રાવિકા ઉપાશ્રય, જુના રેલ્વે સ્ટેશન, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.

૯ **પૂ.સા.શ્રી નંદીરેખાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી ચારિત્રરેખાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી રક્ષિતરેખાશ્રીજી મહારાજ**
પોરવાલ હાઉસ, સ્મૃતિ મંદિરની સામે, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

૧૦ **પૂ.સા.શ્રી ગુણજ્ઞરેખાશ્રીજી મહારાજ**
ભાગ્યરત્ન એપાર્ટમેન્ટ, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૧૧ **પૂ.સા.શ્રી લાવણ્યરેખાશ્રીજી મહારાજ**
श्री श्राविका आराधना भवन, पुस्तक बाजार, अहिंसा पथ, नीमच, मध्यप्रदेश-४५८४४१.

૧૨ **પૂ.સા.શ્રી તપોરેખાશ્રીજી મહારાજ**
ગજ્જર વાડી શ્રાવિકા ઉપાશ્રય, અઠવા ગેટ, સુરત-૩૯૫૦૦૧.

૧૩ **પૂ.સા.શ્રી પુનિતરેખાશ્રીજી મહારાજ**
ગૌતમ એપાર્ટમેન્ટ, કૈલાશનગર, સુરત-૩૯૫૦૦૧.

૧૪ **પૂ.સા.શ્રી મુક્તિરેખાશ્રીજી મહારાજ**
તપોભૂમિ, શાંતિનગર, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

૧૫ **પૂ.સા.શ્રી પ્રમોદરેખાશ્રીજી મહારાજ**
શ્રાવિકા ઉપાશ્રય, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧.

૧૬ **પૂ.સા.શ્રી નિમેષરેખાશ્રીજી મહારાજ**
શ્રીપાલ રેસીડેન્સી, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૧૭ **પૂ.સા.શ્રી અમિતરેખાશ્રીજી મહારાજ**
સીમંધર હાઈટ્સ, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૧૮ **પૂ.સા.શ્રી સંયમરેખાશ્રીજી મહારાજ**
સી-૨૦૧, રીવર હાઈટ્સ, સરિતા-સાગરની સામે, અડાજણ, સુરત-૩૯૫૦૦૯.

૧૯ **પૂ.સા.શ્રી મનિષરેખાશ્રીજી મહારાજ**
અક્ષર જ્યોત, શ્રાવિકા ઉપાશ્રય, ભૂલકાભવનની બાજુમાં, ચંપાનગરી, અડાજણ, સુરત-૩૯૫૦૦૯.

૨૦ **પૂ.સા.શ્રી મનોજ્ઞરેખાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી વિશુદ્ધરેખાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી રત્નેશરેખાશ્રીજી મહારાજ**
એ-૧૦૩, રીજન્ટ રેસીડેન્સી, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૨૧ **પૂ.સા.શ્રી વિરાગરેખાશ્રીજી મહારાજ**
क्रियाभावन, खेजडीवास, गांधी होल, जोधपुर-३४२००१. राजस्थान.

૨૨ **પૂ.સા.શ્રી શાસનરેખાશ્રીજી મહારાજ**
શત્રુંજય એપાર્ટમેન્ટ, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

૨૩ **પૂ.સા.શ્રી હિતેશરેખાશ્રીજી મહારાજ**
પહેલેમાળ, વેસ્ટર્ન એરીના, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૨૪ **પૂ.સા.શ્રી વિરક્તરેખાશ્રીજી મહારાજ**
એ-અરિહંતનગર, કચ્છી ભુવનની સામે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

૨૫ **પૂ.સા.શ્રી ઉજ્જ્વલરેખાશ્રીજી મહારાજ**
બાબુનિવાસની ગલી, નાનપુરા, ટીંબલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.

૨૬ **પૂ.સા.શ્રી કીર્તનરેખાશ્રીજી મહારાજ**
અર્પણ એપાર્ટમેન્ટ, કૈલાશનગર, સુરત-૩૯૫૦૦૧.

૨૭ **પૂ.સા.શ્રી ધૈર્યરેખાશ્રીજી મહારાજ**
સિદ્ધ-સંગીની, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૨૮ **પૂ.સા.શ્રી ધર્મજ્ઞરેખાશ્રીજી મહારાજ**
વાસ્તુ લક્ઝરીયા, વેસુ, સુરત-૩૯૫૦૦૭.

૨૯ **પૂ.સા.શ્રી નિર્મોહરેખાશ્રીજી મહારાજ**
આદિત્ય એપાર્ટમેન્ટ, લક્ષ્મીનારાયણ સોસાયટી, શાંતિનગર, ઉસ્માનપુર, અમદાવાદ-૩૮૦૦૧૩.

૩૦ **પૂ.સા.શ્રી ચિરાગરેખાશ્રીજી મહારાજ**
એ-૧૦૩, સિદ્ધિ રેસીડેન્સી, ટીજીબી રેસ્ટોરન્ટ ગલી, પાલ રોડ, સુરત-૩૯૫૦૦૯.

૩૧ **પૂ.સા.શ્રી દીક્ષિતરેખાશ્રીજી મહારાજ**
સાહેલી એપાર્ટમેન્ટ, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૩૨ **પૂ.સા.શ્રી સિદ્ધાંતરેખાશ્રીજી મહારાજ**
કતારગામ દરવાજા, સુરત-૩૯૫૦૦૪.

૩૩ **પૂ.સા.શ્રી તત્વેશરેખાશ્રીજી મહારાજ**
સહસ્ત્રફણ રેસીડેન્સી, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૩૪ **પૂ.સા.શ્રી વિરલરેખાશ્રીજી મહારાજ**
નીલકંઠ એપાર્ટમેન્ટ, અમરોલી, સુરત-૩૯૪૦૧૭.

૩૫ **પૂ.સા.શ્રી અધ્યાત્મરેખાશ્રીજી મહારાજ**
શ્રાવિકા ઉપાશ્રય, ભુજ-૩૭૦૦૦૧. (કચ્છ)

૩૬ **પૂ.સા.શ્રી અર્હમરેખાશ્રીજી મહારાજ**
વાત્સલ્ય હાઈટ્સ, પાલ, સુરત-૩૯૫૦૦૯.

૩૭ **પૂ.સા.શ્રી મૌલિકરેખાશ્રીજી મહારાજ**
સરદારબાગ શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, હીરાચંદ નગર, સ્ટેશન રોડ, બારડોલી-૩૯૪૬૦૨. જિ. સુરત.

૩૮ **પૂ.સા.શ્રી ગીતાર્થરેખાશ્રીજી મહારાજ**
मुनीसुव्रत स्वामी ज्ञान मंदिर, चित्ताखेडा, जि. नीमच. मध्यप्रदेश.

૩૯ **પૂ.સા.શ્રી મોક્ષેશરેખાશ્રીજી મહારાજ**
પૌષધશાળા ઉપાશ્રય, અઠવાગેટ, શાંતિનાથ દેરાસરની પાછળ, સુરત-૩૯૫૦૦૧.

૪૦ **પૂ.સા.શ્રી મોક્ષિતરેખાશ્રીજી મહારાજ**
પીપલોદ જૈન દેરાસર ઉપાશ્રય, સુરત-૩૯૫૦૦૭.

૪૧ **પૂ.સા.શ્રી પ્રગુણરેખાશ્રીજી મહારાજ**
**પૂ.સા.શ્રી દક્ષરેખાશ્રીજી મહારાજ**
વાટિકાવેલી, રીજન્ટ રેસીડેન્સી, પાલ, સુરત-૩૯૫૦૦૯.

(અનુસંધાન પાના નં. ૧૯૬ નું)

**ગચ્છાધિપતિશ્રી**ના આશીર્વાદથી શ્રાવણ સુદ ૧૦ ના સવારે ૬-૦૦ કલાકે સાબરમતીથી તપોવનની ચૈત્ય પરીપાટીનું આયોજન થયું. સ્વ.પૂજ્યશ્રીની પાલખી સાથે શ્રી સંઘ જ્યારે તપોવન પહોંચ્યો ત્યારે ઝરમર વર્ષા ચાલુ થતા સહુને છ વર્ષ પૂર્વેના માહોલની સ્મૃતિ તાજી થઈ. દેવદર્શન અને સમાધિ ભૂમિની સ્પર્શના થયા બાદ પધારેલ સહુની નવકારશી થઈ. ત્યારબાદ ૯-૦૦ કલાકે અહિંસા પેવેલિયનમાં સ્વ.પૂજ્યશ્રીના ગુણાનુવાદનો કાર્યક્રમ શરૂ થયો. સુશ્રાવક **લલીતભાઈ ધામી**ની ભૂમિકા થયા બાદ પૂજ્ય આચાર્ય**શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી કલ્યાણબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબે** સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના સંસ્મરણો સભા સમક્ષ રજુ કર્યા. એ પછી પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે** 'ફાઈવસ્ટાર ગુરુદેવ'ના ટાઈટલ દ્વારા સ્વ.પૂજ્યશ્રીની પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને આકાશની અલગ અલગ વિશેષતાઓ દ્વારા સરખામણી કરી. સ્વ.પૂજ્યશ્રીના અનેક પ્રસંગોની સંવેદના સભર હૃદયે રજુઆત કરીને જાણે સ્વર્ગસ્થ પૂજ્યશ્રીને સભા સમક્ષ જીવંત કરી દીધા. અલ્પેશ તપોવનીનું સંગીત અને યુવાનોના/બાળકોના નૃત્યો વગેરેથી સંપૂર્ણ કાર્યક્રમ યાદગાર બની ગયો. ૧૨૦૦થી વધુ સંખ્યામાં પધારેલા ભાવુકોની તેમજ સંપૂર્ણ પ્રસંગનો લાભ **માતુશ્રી લીલાવતીબેન પારખ પરીવારે** લીધેલ.

શ્રાવણ સુદ ૯ ના પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબે** સાબરમતી સંઘમાં સ્વ. પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરેલ. શ્રી સંઘમાં મોટી સંખ્યામાં આયંબિલ થયેલ.

**પુર રાહત કાર્ય :**

ઉત્તર ગુજરાત, રાજસ્થાનમાં થયેલ અતિવૃષ્ટિ નિમિત્તે શ્રી સંઘમાં પૂજ્યોની પ્રેરણાથી મોટુ ફંડ થયું. શ્રી સંઘના પ્રમુખ, કારોબારી તેમજ સંઘના યુવાનોએ સહુપ્રથમ સર્વે કર્યો. ત્યારબાદ ફુડ પેકેટ્સ બનાવી કલેક્ટરની ઓફીસમાં અને રાધનપુર, પાલનપુર વિસ્તારમાં જઈ શ્રી સંઘે જાતે વિતરણ કર્યું. ઉણ વગેરે પાંજરાપોળના મરણાસન્ન વાછરડાઓ-ગાયો માટે અમદાવાદથી લઈ જઈ તેમને ઈન્જેક્શન-બોટલ અને ખાવાની સામગ્રી આપવા દ્વારા યુવાનોએ તેમને બેઠા કરી દીધા. સંઘરત્ન **કુમારપાળભાઈ**ના માર્ગદર્શન મુજબ શ્રી સંઘે જીવદયામાં પણ સારી એવી રકમ ફાળવી.

**શિબિર.... શિબિર.... શિબિર.... :**

સાબરમતી જેવા વિશાળ સંઘમાં પ્રાયઃ પ્રથમવાર ત્રણ વય જુથની અલગ-અલગ રવિવારીય શિબિરોનું આયોજન થયું. જેમાં ૩૦ થી અધિક વયના શ્રાવક-શ્રાવિકાઓને પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદર સૂરિ મહારાજ સાહેબે** અંધશ્રદ્ધાળુઓનો ઉન્માદ, આગ્રહોના આટાપાટા તેમજ આત્મહત્યાના આંધળુકીયા એ વિષય પર અષાઢી અમાસ શ્રાવણ સુદ ૭ ના અને ચૌદશના પ્રવચન કરેલ. જ્યારે પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરિ મહારાજ સાહેબે** ૧૫ થી ૩૦ વર્ષના યુવક-યુવતીઓ સમક્ષ તા. ૨૩-૩૦ જુલાઈ અને ઓગસ્ટના અનુક્રમે ટંગ ઈઝ ગાર્ડન ઓર ગાર્બેજ, વોટ ઈઝ માય નેક્સ્ટ લાઈફ તથા માય પેરેન્ટ્સ આર માય ફ્રેન્ડ્સ એ વિષય પર પ્રવચનો કરેલ. ૮ થી ૧૫ વર્ષના બાળકો પૂજ્ય **રત્નભાનુ, દાનપ્રેમ વિજયજી મહારાજે** સંબોધેલ. શિબિર દરમ્યાન ઈંટરકાસ્ટ મેરેજ, ડાયવોર્સ, સ્યુસાઈડ, એબોર્શન, કોર્ટકેસ વગેરે ન કરવાની પ્રતિજ્ઞા તમામ યુવક-યુવતીઓએ લીધેલ. છેલ્લી શિબિરમાં અધિકાર પુસ્તક (હિંદી આવૃત્તિ)નું વિમોચન થયેલ.

**પરમ પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં આગામી સંભવિત કાર્યક્રમ**

| તિથિ | તારીખ | વાર | સ્થળ | વિગત |
|---|---|---|---|---|
| શ્રાવણ વદ ૧૧ | ૧૮-૭-૧૭ | શુક્રવાર | સાબરમતી | પર્યુષણ પર્વ આરાધના પ્રારંભ |
| ભાદરવા સુદ ૪ | ૨૫-૭-૧૭ | શુક્રવાર | સાબરમતી | સંવત્સરી પર્વ |
| ભાદરવા સુદ ૫ | ૨૬-૭-૧૭ | શનિવાર | સાબરમતી | તપસ્વીના પારણા |
| ભાદરવા સુદ ૬ | ૨૭-૭-૧૭ | રવિવાર | સાબરમતી | ૨૬૧ સિદ્ધિતપ, ૩૦ માસક્ષમણના પારણા |
| ભાદરવા સુદ ૭ | ૨૮-૭-૧૭ | સોમવાર | સાબરમતી | તપસ્વીની શોભાયાત્રા |
| ભાદરવા સુદ ૮ | ૨૯-૭-૧૭ | મંગળવાર | સાબરમતી | તપસ્વીનું બહુમાન |
| ભાદરવા સુદ ૧૦/૨ | ૧-૮-૧૭ | શુક્રવાર | સાબરમતી | પૂજ્ય મુનિશ્રી ધર્મઘોષવિજયજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ |
| ભાદરવા સુદ ૧૧ | ૨-૮-૧૭ | શનિવાર | સાબરમતી | જગદ્ગુરુશ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ |
| ભાદરવા વદ ૫ | ૧૦-૮-૧૭ | રવિવાર | સાબરમતી | વિહાર સેવા ગ્રુપ, છઠ્ઠું સંમેલન |

**-: ચાતુર્માસ સરનામું :-**

**શાંતાબેન ગાંડાલાલ ફકીરચંદ આરાધના ભવન**
**ચિંતામણિ વિલાની સામે, નવબંગલા પાસે, રામનગર,**
**સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.**
**ફોન : ૦૭૯-૨૭૫૨૭૯૯૯ (વસંતભાઈ)**

**-: સંપર્ક સૂત્ર - પત્ર વ્યવહાર :-**

**રૂપેશભાઈ : ૯૮૨૪૦૩૮૯૪૮**
**જયેશભાઈ સી. ભણસાલી - રૂચી ડાયમન્ડ :**
**એસ/૬, વિશાલ કોમર્શીયલ સેન્ટર, દિનેશ હોલ પાસે,**
**આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.**
**ફોન : ૦૭૯-૨૬૫૮૪૯૩૯, ૨૬૫૮૧૧૦૮ મો. ૯૫૩૭૦૧૬૯૦૯**

**સૂરિપ્રેમ ગુણાનુવાદ :**

સિદ્ધાંત મહોદધિ સ્વ.પરમ ગુરુદેવ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સ્વર્ગારોહણના ૫૦ મા વર્ષ નિમિત્તે શ્રી સંઘમાં શ્રાવણ વદ ૫ શનિવાર તા.૧૨-૯-૧૭ના સવારે ૯-૦૦ કલાકે ગુણાનુવાદ સભાનું આયોજન થયેલ. પરમ ગુરુદેવની ભવ્ય મૂર્તિને ઊંચા આસને બિરાજમાન કરવામાં આવેલ. દીપાવલી અને પુષ્પાવલીની સુંદર રચના થયેલ. પૂજ્ય આચાર્યશ્રી **હેમચંદ્ર, જયસુંદર, મહાબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબે** પૂજ્યશ્રીના સંયમ, સ્વાધ્યાય, બ્રહ્મચર્ય, ગુરુવિનય, સાધુસેવા, સંઘએકતા, સમુદાય સંગઠન વગેરે અનેકાનેક ગુણોનું વિશદ વર્ણન કરેલ. મેહુલ નડીયાદીએ ગુરુગીતો ગાઈને સભાને એકતાન કરેલ. પ્રવચન દરમ્યાન વિવિધ તપના તપસ્વીના પારણાના ચડાવા માટેની જાજમ, મુનિમજી અને બહુમાન કરવાના ચડાવા બોલાયેલ. પ્રવચન બાદ ૧૦ રૂા.નું સંઘપૂજન થયેલ. બપોરે બે દ્રવ્યથી સામૂહિક એકાસણા શ્રી સંઘમાં કરાવવામાં આવેલ.

**સિદ્ધિતપના ચડાવા :**

પૂજ્ય ગચ્છાધિપતિશ્રી **જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન પ્રેરણા, મંગળ આશીર્વાદ, પુનિત પચ્ચક્ખાણના પ્રભાવે શ્રી સંઘમાં નજીકના ભૂતકાળમાં ૪-૪ વખત સિદ્ધિતપ થવા છતાં પાંચમીવારમાં ૨૬૧ જેટલા તપસ્વીઓએ સિદ્ધિતપની તપસ્યા કરી. જેમાં ૧૦ વર્ષના બાળકોથી લગાવી ૭૭ વર્ષના તપસ્વીઓ જોડાયા. સોનામાં સુગંધ ભળે તેમ માસક્ષમણની તપસ્યામાં ૩૦ જેટલા આરાધકો જોડાયા. આ તમામ તપસ્વીઓના પારણા, શ્રી સંઘ તથા મહેમાનોના સ્વામી વાત્સલ્યના, તપસ્વીઓના બહુમાન, સાંજી વગેરેના ચડાવા ભારે ઉલ્લાસથી બોલાયા. શ્રી સંઘના ઈતિહાસમાં પ્રથમ જ વાર આવા મોટા તપની આરાધના, વિશાળ સંખ્યા, ઊંચા ચડાવા થતા સકળ સંઘમાં આનંદ આનંદ છવાઈ ગયો. સવારે ૯-૦૦ થી ૨-૦૦ સુધી ચાલેલા ચડાવામાં પૂજ્ય આચાર્ય ભગવંતે **જગચ્ચંદ્ર-જયસુંદર-મહાબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ પૂજ્યોએ નિશ્રા પ્રદાન કરેલ. ચડાવા માટે મુંબઈથી **અનિલ ગેમાવત** સંગીતકાર પધારેલ.

**ભવ્ય સ્નાત્ર મહોત્સવ :**

વિ.સં.૨૦૨૪માં પૂજ્ય મુનિશ્રી **હેમચન્દ્રવિજયજી મહારાજ** (હાલ આચાર્ય)ની શુભ નિશ્રામાં સ્થપાયેલ સાબરમતી સંગીત મંડળનો શ્રાવણ વદ ૮ ના ૫૦ મા વર્ષમાં પ્રવેશ થતા પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં આયંબિલ ખાતાના વિશાળ પરિસરમાં સવારે ૯-૦૦ કલાકે ભવ્ય સ્નાત્ર મહોત્સવનું આયોજન થયું. ૧૪ સ્વપ્ન, ૫૬ દિક્કુમારી આદિના નૃત્યો સાથે પરમાત્માનો જન્મ પ્રસંગ સુશ્રાવક **લલિતભાઈ ધામી** આદિએ એવો અદ્ભુત ભજવ્યો...જેથી આખી સભા ડોલી ઉઠી. પ્રસંગ દરમિયાન પૂજ્ય આચાર્ય ભગવંત **મહાબોધિ-કલ્યાણબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના પ્રવચનો થયા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ગોળના રવાની પ્રભાવના થઈ.

**સાંજી-મહેંદી-ચંદન વિલેપન :**

શ્રાવણ વદ ૮, ૧૫ ઓગસ્ટના બપોરે ૨-૦૦ કલાકે તમામ તપસ્વીઓના સાંજી ગીત, મહેંદીરસમ અને ચંદન વિલેપનના કાર્યક્રમનું આયોજન કમ્યુનિટી હોલમાં થયું. ત્રણેય લાભાર્થીના પરિવારો બગીમાં બેસી સસ્વાગત હોલમાં પધાર્યા. ૫-૦૦ વાગ્યા સુધી કાર્યક્રમ ચાલ્યો. ૩૫૦૦થી વધુ સંખ્યામાં શ્રી સંઘની બહેનોએ લાભ લીધો. સહુને મહેંદીના કોન અને ગોળના રવાની પ્રભાવના થઈ. કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા આયંબિલ ખાતામાં રાખવામાં આવેલ. કમ્યુનિટી હોલમાં પ્રથમ માળે સંગીતકાર **હાર્દિકભાઈ** અને નીચેના હોલમાં તેમના સાથી કલાકારોએ ગીત-સંગીત દ્વારા સમસ્તસભાને પ્રભુભક્તિમાં તન્મય બનાવેલ.

**: શેષ-અશેષ :**

- શ્રાવણ સુદ ૧ ના કમ્યુનિટી હોલમાં પૂજ્ય આચાર્યશ્રી **કલ્યાણબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની નિશ્રામાં પૂજ્ય **સૌમ્યરત્નવિજયજી મહારાજ** લિખિત અષ્ટમંગલ મહાત્મ્ય પુસ્તકનું વિમોચન થયું. પધારેલ કેટલાક સંઘને અષ્ટમંગલની કિટ અર્પણ કરવામાં આવેલ.
- શ્રાવણ સુદ ૫ ના દિવસે પૂજ્ય આચાર્યશ્રી **લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના ગુણાનુવાદ થયેલ.
- શ્રાવણ વદ ૪ ના પૂજ્ય આચાર્યશ્રી **કનકસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના ગુણાનુવાદ થયેલ. ભક્તવર્ગ તરફથી ૧૦ રૂા.નું સંઘપૂજન થયેલ.
- બીજાપુર નિવાસી મુમુક્ષુ અભિષેકને પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**એ વિ.સં.૨૦૭૪ના મહા વદ ૬ ના દીક્ષાનું મુહૂર્ત આપેલ. પરિવાર તરફથી પ્રવચનમાં ૧૦ રૂા.નું સંઘપૂજન થયેલ.
- શ્રાવણ વદ ૮ ના સાબરમતી સંગીત મંડળના મકાનમાં તક્તી અનાવરણ પ્રસંગે પૂજ્યોના પાવન પગલા-પ્રવચન-પ્રભાવનાદિ થયા. પૂજ્ય આચાર્યશ્રી **હેમચંદ્ર-જયસુંદર-કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ પૂજ્યો પધારેલ.
- પૂજ્ય **સ્વયંપ્રભાશ્રીજી**ના પ્રશિષ્યા પૂજ્ય **પરમપ્રજ્ઞાશ્રીજી**ના સિદ્ધિતપ નિમિત્તે તેમના ઉપાશ્રયમાં પૂજ્ય આચાર્યશ્રી **હેમચન્દ્ર-જયસુંદર-મહાબોધિ-કલ્યાણબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સસ્વાગત સકળસંઘ સાથે પગલા, પ્રવચન, પ્રભાવના થયેલ.
- સમતાસાગર પૂજ્ય પંન્યાસશ્રી **પદ્મવિજયજી મહારાજ**ના શ્રાવણ વદ ૧૦ ના ગુરુવારે સવારે ૭-૩૦ થી ૮-૪૫ દરમ્યાન પૂજ્ય આચાર્યશ્રી **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે** ખૂબજ રસાળ શૈલીમાં ગુણાનુવાદ કરેલ. પ્રવચન બાદ ૧૦ રૂા.નું સંઘપૂજન થયેલ.
- શ્રી સંઘમાં પૂજ્ય આચાર્યશ્રી **જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના પ્રશિષ્ય પૂજ્ય મુનિશ્રી **પ્રેમભાનુવિજયજી મહારાજ** તથા પૂજ્ય સાધ્વીશ્રી **તારકધર્માશ્રીજી** ને સિદ્ધિતપની તેમજ પૂજ્ય સાધ્વીશ્રી **ભક્તિધર્માશ્રીજી, યશોજ્જવલાશ્રીજી, નિર્લેપધર્માશ્રીજી**ને માસક્ષમણની આરાધના ચાલે છે.

**શ્રી સંઘમાન્ય જિનાજ્ઞા પંચાંગ**

**વિ.સં. ૨૦૭૩ ઈ.સ. ૨૦૧૭**

**ભાદરવો - ૩૦**
**૨૨ ઓગ. થી ૨૦ સપ્ટે.**

**• સુદ •**
**૧૦ વૃદ્ધિ**

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૧ | મંગળ | ૨૨ઓ. |
| ૨ | બુધ | ૨૩ |
| ૩ | ગુરુ | ૨૪ |
| ૪ | શુક્ર | ૨૫ |
| ૫ | શનિ | ૨૬ |
| ૬ | રવિ | ૨૭ |
| ૭ | સોમ | ૨૮ |
| ૮ | મંગળ | ૨૯ |
| ૯ | બુધ | ૩૦ |
| ૧૦ | ગુરુ | ૩૧ |
| ૧૦ | શુક્ર | ૧સપ્ટે |
| ૧૧ | શનિ | ૨ |
| ૧૨ | રવિ | ૩ |
| ૧૩ | સોમ | ૪ |
| ૧૪ | મંગળ | ૫ |
| ૧૫ | બુધ | ૬ |

સુદ-૧, મંગળ : મહાવીર જન્મવાંચન
સુદ-૪, શુક્ર : સંવત્સરી મહાપર્વ
૧૨ સપ્ટે. મંગળ ૬.૫૫ ક. ગુરુ તુલા રાશિમાં પ્રવેશ
વદ-૧૧, શનિ : પૂ. વલ્લભ સૂ.મ.સા. સ્વર્ગતિથિ
વદ-૧૪, મંગળ : પૂ. સિદ્ધિ સૂ.મ.સા. સ્વર્ગતિથિ

**રોહિણી :** વદ-૮, બુધ
**પુષ્ય :** તા.૧૫ સપ્ટે. ૨૬.૧૮ થી તા.૧૬ સપ્ટે. ૨૫.૦૭
**વિંછૂડો :** તા.૨૮ ઓગ. ૧૩.૩૩ થી તા.૩૦ ઓગ. ૨૫.૫૫
**પંચક :** તા.૪ સપ્ટે. ૨૩.૫૫ થી તા.૯ સપ્ટે. ૧૧.૪૩
**કુંભ ચક્ર :** તા.૨૬ ઓગ. ૧૫.૫૩ થી તા.૫ સપ્ટે. ૧૨.૨૪ તથા તા.૧૩ સપ્ટે. ૨૯.૦૧ થી તા.૧૯ સપ્ટે. ૨૩.૦૨

**• વદ •**
**૪ ક્ષય**

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૧ | ગુરુ | ૭ |
| ૨ | શુક્ર | ૮ |
| ૩ | શનિ | ૯ |
| ૫ | રવિ | ૧૦ |
| ૬ | સોમ | ૧૧ |
| ૭ | મંગળ | ૧૨ |
| ૮ | બુધ | ૧૩ |
| ૯ | ગુરુ | ૧૪ |
| ૧૦ | શુક્ર | ૧૫ |
| ૧૧ | શનિ | ૧૬ |
| ૧૨ | રવિ | ૧૭ |
| ૧૩ | સોમ | ૧૮ |
| ૧૪ | મંગળ | ૧૯ |
| ૩૦ | બુધ | ૨૦ |

શુભ દિન

# સમાચાર દર્પણ

## સિદ્ધાંત દિવાકર, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં સાબરમતીમાં ચાતુર્માસ દરમિયાન થયેલ શાસન પ્રભાવનાના અનુમોદનીય સમાચાર

**સૂરિપ્રેમ નિત્ય તપ :**

શ્રી પ્રેમ-ભુવનભાનુ પટ્ટધર, સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા** આદિ ગુરુભગવંતોની નિશ્રામાં સાબરમતી રાજનગર જૈન સંઘમાં સુંદર આરાધનાઓ ચાલી રહી છે.

અષાઢ વદ ૧૧ બુધવાર તા.૧૯-૭-૧૭થી શ્રી સંઘમાં સ્વ.પરમ ગુરુદેવ**શ્રી પ્રેમસૂરિ મહારાજ**ની સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ નિમિત્તે બે દ્રવ્યના એકાસણાનો પ્રારંભ થયો. ચાર મહિનામાં કુલ ૫૦ એકાસણા કરનારનું શ્રી સંઘ તરફથી બહુમાન થશે. દોઢસોથી વધુ ભાગ્યશાળીઓ ખૂબ જ ઉત્સાહથી આ આરાધનામાં જોડાયા છે.




**નેમિનાથ અઠ્ઠમ તપ :**

શ્રાવણ સુદ ૪ મહિનાના ધરથી શ્રી સંઘમાં પ્રભુ નેમિનાથના જન્મ-દીક્ષા કલ્યાણકના ઉપલક્ષ્યમાં અઠ્ઠમ તપનો પ્રારંભ થયો. નાના/મોટા સવા સાતસોથી વધુ ભાવુકોએ શ્રાવણ સુદ ૪-૫-૬ના અઠ્ઠમની આરાધના કરી. અત્તર પારણાનો લાભ પૂજ્ય આચાર્ય**શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પ્રેરણાથી એમના સંસારી સ્વજનો **સ્વ.મૂળીબેન અંબાલાલ પરીવારે** લીધેલ. પારણાનો લાભ **કાછોલીવાળા બાલાજી પરિવાર**ને મળેલ. તમામ તપસ્વીઓનું ૧૫૦ રૂા.થી બહુમાન થયેલ. નાના બાળકોનું ૫૦૦ રૂા.નું વિશિષ્ટ બહુમાન થયેલ.

**શાંતિધારા સહ સ્નાત્રોત્સવ :**

સાબરમતી સંઘ સંચાલિત છ જિનાલયોના મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન હોઈ, પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ની પ્રેરણાથી શ્રાવણ સુદ ૮ ના સોમવારે પરમાત્માના નિર્વાણ કલ્યાણક નિમિત્તે દરેક જિનાલયમાં મૂળનાયક ભગવાન ઉપર જ સ્નાત્ર મહોત્સવનું આયોજન કરાયું. ઉત્તર ગુજરાતમાં-રાજસ્થાનમાં થયેલી તબાહીના અસરગ્રસ્તોને શાંતિ-સાતા-સમાધિ મળે એ હેતુથી શાંતિધારાનો પાઠ વિવિધ પૂજ્યોએ કરેલ.

**ચૈત્ય પરિપાટી-ગુણાનુવાદ સભા :**

યુગપ્રધાન આચાર્ય સમ પૂજ્ય પંન્યાસ**શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ**ની છઠ્ઠી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂજ્ય

**(અનુસંધાન પાના નં. ૧૯૪ ઉપર)**

# તારક જિનાજ્ઞા

- कार्यं च किं ते परदोषदृष्ट्या ?, कार्यं च किं ते परचिन्तया च ?।
  वृथा कथं खिद्यसि बालबुद्धे !?, कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥

બીજાના દોષ જોઈને તારે શું કામ છે ? બીજાની ચિંતાથી પણ તારે શું કામ છે ? હે મંદબુદ્ધિ ! શા માટે ફોગટ દુઃખી થાય છે ? બીજું બધું છોડીને તારું પોતાનું હિત કર. **(હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા)**

- कषायविषयाक्रान्तो, बहिर्बुद्धिरयं जनः ।
  किं तेन रुष्टतुष्टेन ?, तोषरोषौ च तत्र किम् ?॥

લોક તો વિષય-કષાયગ્રસ્ત, બાહ્ય બુદ્ધિવાળો છે. તે ગુસ્સે થાય કે ખુશ થાય તેનાથી શું ? તેમના પર ગુસ્સો કે આનંદ પણ શા માટે ? **(યોગસાર-૩/૨૭)**

- क्रोधः परितापकरः, सर्वस्योद्वेगकारकः क्रोधः ।
  वैरानुषङ्गजनकः, क्रोधः क्रोधः सुगतिहन्ता ॥

ક્રોધ પીડાકારક છે. ક્રોધ બધાને ઉદ્વેગ કરાવનાર છે. ક્રોધ વૈરની પરંપરાનો જનક છે. ક્રોધ સદ્ગતિને અટકાવનાર છે. **(પ્રશમરતિ-૨૬)**

- खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
  हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ॥

ક્ષમા સુખોનું મૂળ છે, ધર્મનું મૂલ પણ ઉત્તમ એવી ક્ષમા છે. મહાવિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુઃખોનું હરણ કરે છે. **(સંબોધ સિત્તરી-૭૦)**

### ભુવનભાનુનાં અજવાળાં

**કામ-ક્રોધાદિ મલિન ભાવોનું નિવારણ અહીં ન કર્યું, તો પછી કયા ભવે કરીશ ?**

સૌજન્ય

**સમાજ ભૂષણ શ્રી બાબુભાઈ પી. સંઘવી**
**કે. પી. સંઘવી - સુરત/માલગામ, મુંબઈ**

### જિનશાસનનો જયઘોષ

**દેહની વિહ્વળતામાં ય મનની સ્વસ્થતા ટકાવી રાખે, તે સંસ્કાર.**

સૌજન્ય

**સમાજ ભૂષણ શ્રી બાબુભાઈ પી. સંઘવી**
**કે. પી. સંઘવી - સુરત/માલગામ, મુંબઈ**

FROM :

**તારક જિનાજ્ઞા**

C/o. દિવ્ય દર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા. જિ. અમદાવાદ.
PIN : 382225. (ગુજરાત)

BOOK-POST

TO,

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : દિવ્ય દર્શન ટ્રસ્ટ-કુમારપાળ વિ. શાહ**-૩૯, કલિકુંડ સોસાયટી, **કલિકુંડ, ધોળકા.** જિ. અમદાવાદ. PIN : 382225.
**મુદ્રણ સ્થાન :** બ્રિજેશ પ્રિન્ટીંગ પ્રેસ - એસ.ટી.સ્ટેન્ડ પાસે, મલાવ રોડ, ધોળકા. જિ. અમદાવાદ.